**આજનો સુવિચાર**

જીવનમાં ભૂલ થાય એ ખોટું નથી પણ, એ ભૂલમાંથી કંઈ શીખાય નહીં એ જ ભુલ છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૨૯ જૂનાગઢ તા.૧૦-૦૯-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 229, Junagadh : Date : 10 September, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### અમેરીકાનાં ત્રણ દિવસનાં પ્રવાસે ગયેલા વિપક્ષનાં નેતા રાહુલ ગાંધીનાં નિવેદનોથી ભારે વિવાદ

# ભારતમાં નિષ્પક્ષ ચૂંટણી યોજાઈ હોત તો ભાજપને ૨૪૬ બેઠક મળી ન હોત : રાહુલ ગાંધી

## "વડાપ્રધાન મોદીની ૫૬ની છાતી હવે ઈતિહાસ : ભગવાન સાથે સીધો સંબંધ, તેમના વિચારો આ બધુ હવે પુરૂ થઈ ગયું"



જયોર્જટાઉન, તા. ૧૦

અમેરિકાની મુલાકાતે ગયેલા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક મોટા અને ગંભીર નિવેદનમાં ભારતમાં ચૂંટણી પંચની તટસ્થતા અને હાલમાં યોજાયેલી લોકસભા ચૂંટણીની નિષ્પક્ષતા સામે પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે જો ભારતમાં ચૂંટણી તટસ્થ અને ન્યાયી રીતે થઈ હોત તો ભાજપ ૨૪૬ બેઠકો પર જીતી શકયો ન હોત. વિદેશ મુલાકાત સમયે વારંવાર વિવાદાસ્પદ વિધાનો કરનાર રાહુલ ગાંધીએ હવે લગાવેલા આરોપથી દેશમાં મોટો વિવાદ સર્જાય શકે છે. અને પ્રથમ વખત વિપક્ષના કોઈ નેતાએ આ રીતે જાહેરમાં ચૂંટણીપંચની નિષ્પક્ષતા સામે પ્રશ્ન ઉઠાવ્યો છે.

જયોર્જટાઉન વિશ્વ વિદ્યાલયમાં રાહુલ ગાંધીએ એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, ચૂંટણી પહેલા જ અમે એ વાત પર વારંવાર કહી રહ્યા હતા કે દેશની સંસ્થાઓ પર કબ્જો થઈ રહ્યો છે અમારી પાસે તટસ્થ રમતનું મેદાન ન હતું અને તેમની (ભાજપ) પાસે મોટા મોટા નાણાકીય લાભ હતા. અમારા બેંક ખાતા બંધ કરી દેવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચ એ જ કરી રહ્યું હતું કે તેઓ (ભાજપ) ઈચ્છતા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ તમામ બાબતો એક સાથે થવા લાગી હતી અને હુ માનુ છું કે ચૂંટણી નિષ્પક્ષ થઈ હોત તો ભાજપને ૨૪૬ બેઠકો પણ મળી ન હોત. હું લોકસભા ચૂંટણીને એક સ્વતંત્ર નહીં પરંતુ નિયંત્રીત ચૂંટણીના સ્વરૂપમાં જોવું છું.

રાહુલ ગાંધીએ સીધો વડાપ્રધાન પર આરોપ મુકતા કહ્યું કે પુરૂ ચૂંટણી કાર્યક્રમ અને આયોજન એવી રીતે બનાવ્યું કે નરેન્દ્ર મોદી સમગ્ર દેશમાં તેમની વાત કહી શકે જે રાજયોમાં ભાજપ નબળો હતો તેને અલગ રીતે ચૂંટણી કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યા હતા. રાહુલે ત્યાં સુધી કહ્યું કે દેશની શિક્ષા પ્રણાલી પર આરએસએસનો કબ્જો છે.

રાહુલ ગાંધી કહ્યું કે, હું નરેન્દ્ર મોદીને નફરત કરતો નથી પરંતુ તેને પોતાના વિચારો છે અને હું તેની સાથે સંમત થતો નથી. પરંતુ હું તેમને ધિકકારતો નથી. તેનો એક અભિગમ જુદો છે, મારો અભિગમ જુદો છે. વોશિંગ્ટન ડીસીમાં રાહુલના કાર્યક્રમમાં સેંકડો વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. તેના આરએસએસ પર પ્રહાર કરતા કહ્યું કે ભાજપને ફકત એક જ વિચારધારા સાથે મતલબ છે જયારે હું થાળી, ચાવલ, દાલ, સબ્જી અંગે વિચારૂ છું. તેઓ એમ માને છે કે ભારત એક જ વિચાર છે જયારે અમે માનીએ છીએ કે ભારત અનેક વિચારોનું બનેલું છે. રાહુલે અગાઉ ટેકસાસ યુનિ.માં પણ સંઘ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર મોટા પ્રહાર કર્યા હતા અને કહ્યું કે મીડિયા અને તપાસ એજન્સીઓ પર તેમનો કબ્જો છે. મેં બંધારણનો પ્રશ્ન ઉઠાવ્યો અને લોકો સમક્ષ બંધારણ મૂકયું તો અચાનક જ લોકોને સમજાયું કે જો બંધારણ ખત્મ થઈ જશે.

તો ભારત પણ ખત્મ થઈ જશે. રાહુલ ગાંધી ત્રણ દિવસના અમેરિકા પ્રવાસે છે અને તેઓ આજે ભારત પરત આવ્યા બાદ મોટો વિવાદ સર્જાય તેમ છે. તેમણે ઉમેર્યુ કે લોકસભા ચૂંટણી પ્રચારના અડધા તબકકા બાદ વડાપ્રધાન મોદીને લાગ્યુ કે તે ૩૦૦-૪૦૦ બેઠકો મેળવી શકશે નહીં અને તેમણે પોતાને સીધા ભગવાન સાથે સંવાદ કરતા બતાવી દીધા અને ખુદને નોનબાયોલોજીકલ બતાવ્યા અમે જોયુ કે તેઓ માનસિક રીતે ભાંગી પડયા છે. મોદીનો પાવર ભાંગી પડયો છે. લોકસભા ચૂંટણીમાં અમારો સંદેશો પ્રેમ ફેલાવવાનો હતો, ધિકકાર નહીં. તેમ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું.

રાહુલ ગાંધીએ કહ્યું, 'તેમને આ ભય ફેલાવવામાં વર્ષો લાગ્યાં અને તે થોડીક સેકન્ડમાં ગાયબ થઈ ગયો. સંસદમાં હું વડાપ્રધાનની સામે જોઉં છું. હું તમને કહી શકું છું કે મોદીના વિચારો, ૫૬ ઈંચની છાતી, ભગવાન સાથે સીધો સંબંધ, આ બધું હવે પૂરું થઈ ગયું છે, આ બધું હવે ઈતિહાસ બની ગયું છે.

રાહુલ ગાંધીએ વર્જિનિયાના હર્નડનમાં ભારતીય સમુદાયના લોકો સાથે ચર્ચા દરમિયાન આ વાતો કહી. રાહુલ ગાંધી ૩ દિવસની અમેરિકાની મુલાકાતે છે. બીજા દિવસે, મંગળવારે તે વોશિંગ્ટન પહોંચ્યા. વિપક્ષના નેતા તરીકે આ તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ છે. આ

## કેન્સરની દવાઓ, નમકીન, ધાર્મિક યાત્રા માટેના હેલિકોપ્ટર પ્રવાસમાં જીએસટીમાં ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૦: ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેકસ કાઉન્સીલની ૫૪મી બેઠકમાં કેન્સરની દવાઓ પરનો જીએસટી બાર ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવાનો નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં નમકીન અને સ્વાદિષ્ટ ફૂડ આઈટમો પરનો જીએસટી પણ ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સિવાય કેદારનાથ કે પછી વૈષ્ણોદેવી હેલિકોપ્ટર દ્વારા જવા માગતા લોકોને પણ રાહત આપવામાં આવી છે, ધાર્મિક યાત્રા માટે હેલિકોપ્ટરના પ્રવાસ પરનો જીએસટી ૧૮ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરી દેવામાં આવ્યો છે. સરકાર સાથે સંકળાયેલી શૈક્ષણિક સંસ્થાઓને સપ્લાય અને રિસર્ચ સર્વિસિસ માટે કોઈ જીએસટી નહીં રાખવામાં આવે.

## કેડીટ કાર્ડ - ડેબિટ કાર્ડ દ્વારા પેમેન્ટ કરવા પર ૧૮ ટકા જીએસટી લાગશે

નવી દિલ્હી, તા.૧૦:

જીએસટી કાઉન્સીલની બેઠકમાં ડેબિટ અને ક્રેડિટ કાર્ડ ટ્રાન્ઝેક્શનને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, હવે ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ ૨૦૦૦ રૂપિયાથી નીચેના ટ્રાન્ઝેકશન પર ૧૮ ટકા જીએસટી લાગશે. પેમેન્ટ ગેટવેને આમાં કોઈ છૂટ મળશે નહીં. આ નિર્ણય બાદ ટ્રાન્ઝેકશનની મર્ચન્ટ ફી પર ૧૮ ટકા જીએસટી લાગશે. GST ફિટમેન્ટ કમિટીનો અભિપ્રાય છે કે પેમેન્ટ એગ્રીગેટર્સ પાસેથી આ કમાણી પર ૧૮ ટકા જીએસટી વસૂલવો જોઈએ. સમિતિનું માનવું છે કે આ પ્રકારના જીએસટીથી ગ્રાહકોને અસર થવાની શકયતા નથી.

## આરોપી કસ્ટડીમાં હોય તો પણ અન્ય ગુનામાં આગોતરા જામીન મેળવવાનો અધિકાર છે : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી,તા.૧૦

એક મહત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, આરોપી એક અપરાધમાં કસ્ટડીમાં હોય તેને બીજા અપરાધ માટે આગોતરા જામીનનો ઈન્કાર થઈ શકે નહી. જામીન અને જેલ વચ્ચે હાલમાં શરૂ થયેલી નવી ચર્ચા વચ્ચે સુપ્રીમનો આ ચુકાદો મહત્વનો બની જાય છે.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, આ પ્રકારના કેસમાં આરોપીના જીવન અને સ્વતંત્રતા વચ્ચે સંતુલીત સ્થિતિ બની રહે તે જોવું જોઈએ. હાલમાં જ જે રીતે આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટે ઈડીના કેસમાં જામીન આપ્યા તે જ મીનીટે સીબીઆઈએ અન્ય કેસમાં કેજરીવાલની ધરપકડ કરીને તેમનો જેલવાસ લંબાવાઈ તે નિશ્ચિત કર્યુ હતું.

## સુરતનાં ઉમરપાડામાં આભ ફાટયું : ૪ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ ખાબકતા સર્વત્ર જળબંબાકાર

### ૯ સપ્ટેમ્બર સુધી ગુજરાતનાં ચારેય ઝોનમાં ૧૦૦ ટકા કરતા વધુ વરસાદ નોંધાયો : અમદાવાદ સહિત ૭ જીલ્લામાં વરસાદની ઘટ

અમદાવાદ/ સુરત તા. ૧૦

ગુજરાતમાં અષાઢ અને શ્રાવણમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ ભાદરવો પણ ભરપૂર જોવા મળી રહ્યો છે. આજે સવારે ૬થી ૧૦ વાગ્યા દરમિયાન સુરતના જીલ્લાનાં ઉમરપાડામાં ચાર કલાકમાં ૧૦ ઈંચ ઈંચ વરસાદ ખાબકતા આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ હતી. બે કલાકના ગાળામાં જ વરસેલા ધોધમાર વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાયાં હતાં. તો અંડરપાસમાં પણ પાણી ભરાતાં વાહનો ફસાયાં હતાં. ગુજરાતમાં ચોમાસાનો ૧૧ જૂને વિધિવત પ્રારંભ થયો હતો જેને ૩ મહિના વિતી ચૂક્યા છે. ત્રણ મહિના દરમિયાન રાજ્યના પાંચેય ઝોનમાં સરેરાશ વરસાદ કરતા ૨૨ ટકા વધુ વરસાદ વરસી ચૂક્યો છે. પરંતુ, ગુજરાતના ૭ જિલ્લાઓ હજી પણ એવા છે કે, જ્યાં વરસાદની ઘટ વર્તાઈ રહી છે. તો પાંચ જિલ્લાઓ તો એવા છે કે, જ્યાં ચોમાસાના ત્રણ મહિનામાં જ સરેરાશ કરતા ૫૦ ટકા વધુ વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યમાં દક્ષિણ ગુજરાતથી ચોમાસાનો પ્રવેશ થયા બાદ ધીમે ધીમે અન્ય ઝોનમાં પહોંચ્યું હતું. ૯ સપ્ટેમ્બર સુધીમાં રાજ્યના તમામ ઝોનમાં ૧૦૦ ટકા કરતા વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

### આજે વિશ્વ આપઘાત નિવારણ દિવસ

## દેશમાં દરરોજ ૪૦૦થી વધુ લોકો આત્મહત્યા કરે છે : ગુજરાતમાં ૨૪ કલાકમાં ૨૪ લોકો જીવન ટુંકાવે છે

અમદાવાદ તા. ૧૦

દર વર્ષે ૧૦ સપ્ટેમ્બરે વિશ્વ આપઘાત નિવારણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. લોકો સામાન્ય બાબતોમાં જીવનથી હારી જતાં હોય છે અને મોતને વહાલું કરી લેતા હોય છે. આપઘાતના બનાવોની વાત કરવામાં આવે તો ગુજરાતમાં રોજ ૨૪ લોકો જીવન ટૂંકાવે છે. સૌરાષ્ટ્રમાં છેલ્લા ૪ મહિનામાં ૧૭૦થી વધુ લોકોએ આત્મહત્યા કરી છે. મોટા ભાગે ગૃહ કંકાસ, આર્થિક સંકટ, બેરોજગારી, પ્રેમ પ્રકરણ જેવા કારણો આપઘાત માટે જવાબદાર હોવાનું સામે આવ્યું છે.

ભારતમાં છેલ્લા ૬ વર્ષમાં ૯,૯૨,૫૩૫ લોકોએ આત્મહત્યા કરી હતી. સરેરાશ દરરોજ ૪૦૦થી વધુ લોકો આત્મહત્યા કરી રહ્યા છે. આર્થિક સંકટ, બેરોજગારી, ગંભીર સમસ્યાઓ, ઘરની મુશ્કેલી, પ્રેમ પ્રકરણ જેવા કારણો આત્મહત્યા માટે જવાબદાર છે. તો ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૨૫,૪૭૮ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. એટલે કે, ગુજરાતમાં દરરોજ ૨૪ લોકો કોઈના કોઈ કારણે આત્મહત્યા કરે છે.

## સિમેન્ટનાં ભાવમાં રૂા.૫૦નો વધારો

રાયપુર તા. ૧૦

સિમેન્ટ કંપનીઓએ બજારમાં કોઈ પણ માંગ વગર ૫૦ રૂપિયા પ્રતિ થેલીના વધારાની જાહેરાત કરી છે. ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર સિમેન્ટ ડીલર પાસે પૂરતો સ્ટોક છે. બિલ્ડિંગ કન્સ્ટ્રકશન મટિરિયલના વેપારીઓનું કહેવું છે કે બજાર ભાવમાં આ વધારાને કોઈપણ રીતે સમર્થન આપી રહ્યું નથી.

## રેલ્વે હવે ત્રાસવાદીઓનાં નિશાના પર : કાનપુર બાદ અજમેરમાં માલગાડી ઉથલાવવાનો નિષ્ફળ પ્રયાસ



અજમેર, તા.૧૦: ઉત્તર પ્રદેશના કાનપુર બાદ હવે રાજસ્થાનમાં પણ માલગાડીને ઉથલાવવાનાં કાવતરાનો મામલો સામે આવ્યો છે. અજમેરના સરથાણામાં રેલવે ટ્રેક પર સિમેન્ટના બે બ્લોક નાખીને માલગાડીને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અંગે પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરવામાં આવી છે. આ પહેલા કાનપુરમાં કાલિંદી એક્સપ્રેસને પલટી મારવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. આ માટે એલપીજી સિલિન્ડર રેલવે ટ્રેક પર રાખવામાં આવ્યા હતા. રેલવે લાઈન પાસે પેટ્રોલ અને ગનપાઉડર પણ મળી આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, અજમેરના માંગલિયાવાસ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થતા ટ્રેક પર રવિવારે મોડી રાત્રે અજાણ્યા બદમાશોએ લગભગ ૭૦ કિલો વજનના સિમેન્ટ બ્લોક્સ મૂકીને ટ્રેનને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે ટ્રેન સિમેન્ટના બ્લોક તોડીને આગળ પસાર થઈ હતી અને કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી.

### ગુજરાતમાં ડ્રાઈવીંગ કરતી વખતે નજીવી માત્રામાં પણ દારૂનાં સેવનની છુટ મળી શકે નહી

## નશાની હાલતમાં અકસ્માત કેસમાં વાહન માલિક વળતર ચુકવવાની જવાબદારીમાંથી છટકી શકે નહી : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં દારૂબંધી છે એટલે વાહન ચલાવતી વખતે અન્ય રાજયોની જેમ ગુજરાતમાં ડ્રાઈવીંગ વખતે અમુક ચોકકસ માત્રામાં દારૂની છુટ ન મળી શકે તેવી સ્પષ્ટ નોંધ સાથે ગુજરાત હાઈકોર્ટે વાહન માલીકની અરજી ફગાવી દીધી હતી અને અકસ્માત વિમો ચુકવવા માટે જવાબદાર ઠેરવ્યા હતા. બનાસકાંઠામાં પાલનપુરથી અંબાજી વચ્ચે દોડતી ટેકસીનો નવેમ્બર ૨૦૧૬ માં અકસ્માત થયો હતો ત્રણ લોકો ઘાયલ થયા હતા અને તેમનાં દ્વારા વળતરનો દાવો કરવામાં આવ્યો હતો.મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલે વિમા કંપની તથા વાહન માલીકની સંયુકત જવાબદારી નકકી કરી હતી.

ટ્રીબ્યુનલે ચુકાદામાં આમ કહ્યું હતું કે, કાર ચલાવતી વખતે ડ્રાઈવર નશામાં હોવાનું સાબીત થતુ નથી. વિમા કંપનીએ ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. એફઆઈઆર, ચાર્જશીટ, ફોરેન્સીક, રીપોર્ટના આધારે અકસ્માત વખતે ડ્રાઈવર નશામા હોવાનું પુરવાર થયુ હતું આ તકે વાહન ચાલક દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે બ્લડમાં માત્ર ૩૦ એમજી આલ્કોહોલ મળ્યુ હતું તે ખુદની મર્યાદામાં છે. વિમા કંપનીનાં વકીલે એવી દલીલ કરી હતી કે ગુજરાતમાં સંપુર્ણ દારૂબંધી છે અને કાયદા મુજબ સેવનની છૂટ નથી એટલે અમુક મર્યાદામાં પણ સેવન માન્ય ગણાય નહી.

હાઈકોર્ટનાં જસ્ટીસ સંદિપ ભટ્ટે ચુકાદામાં કહ્યું કે ગુજરાત બહારના રાજયમાં દારૂ સેવનની માત્રા વિચારણામાં આવી શકે પરંતુ ગુજરાતમાં સંપૂર્ણ દારૂબંધી હોવાથી અમુક માત્રામાં પણ તેની છૂટ ન હોઈ શકે એટલે વળતર ચુકવવા વીમા કંપની જવાબદાર નથી. અદાલતે એમ પણ કહ્યું કે અકસ્માત વખતે ડ્રાઈવર નશામાં હતો તે ચાર્જશીટ અને ફોરેન્સીક રીપોર્ટમાં દર્શાવાયું છે. અકસ્માત કેસમાં છૂટકારો મળ્યો હોય તો પણ વળતર ચુકવવાની જવાબદારીમાંથી છટકી શકે નહી.


**સ્લીપર કોચ બસ દ્વારા**

**ચાલો હરિદ્વાર ગોકુલ, મથુરા**

રહેવા તથા જમવાની સગવડતા સાથે દિવસ-૧૨

તા. ૧૩-૦૯-૨૦૨૪નાં ઉપડશે

અશ્વિનભાઈ પટેલ

જૂનાગઢ

મો. ૯૭૨૫૭ ૮૫૭૨૭

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦

આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ

જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**મકાન વેચવાનું છે**

ત્રણ માળનું, કાટખુણાનું, નીચે ત્રણ દુકાન અને ગોડાઉન

અનંત ધર્માલયની સામે, માંગનાથ રોડ, જૂનાગઢ

દલાલભાઈ આવકાર્ય

સંપર્ક : ૯૪૨૮૪ ૪૧૪૨૭

Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# જૂનાગઢ સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા ૨૪મો સરસ્વતી સર્વ જ્ઞાતિ સન્માન સમારંભ યોજાયો



## ટ્રસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો જેમાં ૪૨૦૦ સીસી રક્ત એકઠું થયું

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં તારીખ ૮-૯-૨૦૨૪ના રોજ સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા લોઢીયા વાડી ખાતે ૨૪મો સર્વજ્ઞાતિય સરસ્વતી સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. શરૂઆતમાં અંધ કન્યા છાત્રાલયની અંધ દિકરીઓ દ્વારા માં ભગવતિ સરસ્વતી વંદનાનું સમુહ ગાન કર્યું હતું. આ સરસ્વતી સન્માન સમારંભના ઉદ્‌ઘાટક તરીકે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, દાતા પ્રવિણાબેન ગિરીશભાઈ ચોકસી, કે. જે. નિદાન કેન્દ્રના પ્રમુખ ભાવિનભાઈ છત્રાળા તેમજ લોઢિયાવાળીના મેનેજિંગ ટ્રસ્ટી કિરીટભાઈ રાણીંગાએ દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ સરસ્વતી સન્માન સમારંભમાં શિક્ષણવિદ કે. ડી. પંડ્યાએ જણાવેલ કે મનુષ્ય ઉપર પરમાત્માની અશિમ કૃપા હંમેશા રહેલી છે, હંમેશ માટે નિરાશા અને હતાશા ખંખેરી સતત શુભ ચિંતન કરો અને તમે કરેલા ઉત્તમ વિચાર જ સમાજને ઊંચાઈએ લઈ જશે. તેમ જણાવી વિદ્યાર્થીઓની સફળતાની પ્રશંસા કરી હતી અને સાથે સાથે સંસ્થાના સેવાભાવી કાર્યકરોની પણ સરાહના કરી હતી. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ વિશેષમાં જણાવ્યું હતું કે સમાજ સેવા કરવી એ ખૂબ જ અઘરી છે. આજના આ સેવાયજ્ઞમાં સેવા કરતા લોકોને મારા હૃદયથી વંદન કરૂ છું. કે.જે. હોસ્પિટલના પ્રમુખ ભાવિનભાઈ છત્રાળાએ જણાવ્યું હતું કે તમે પુરૂષાર્થ કરશો તો ક્યારેક તમારી નિષ્ફળતા પણ સફળતાની મોટી ચાવી બની જશે. તેના થકી આપણી પ્રગતિના દ્વાર આપવા ખુલી શકે છે. નોબલ યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ પાર્થભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં પડેલ વિશાળ સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે એક શિક્ષક જ અથવા તો શિક્ષણવિદ જ તેના માટે સર્વોપરી ગુરૂ હોય છે. તેમનું તમામ ઘડતર એક શિક્ષકના હાથમાં હોય છે. વિદેશમાં જતાં બાળકોને કોટેચાએ વધુમાં જણાવ્યું હતું કે અહીં માં બાપ સાથે તમે સહવાસ માણો એ સાચો સેવા ઘડતરનો અને શિક્ષણનો ભાગ છે. સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ યુવાનોને વ્યસનથી અને મોબાઈલથી દૂર રહેવા સાચી શીખ આપી હતી તેમજ વ્યસનથી જોજન દુર રહેવા માટે પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. આ સાથે બ્લડ ડોનેશન કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો જે ગિરનાર ગ્રુપના સહયોગથી ૪૨૦૦ સીસી રક્ત એકઠું થયું હતું. આ સરસ્વતી સમારંભમાં સર્વ જ્ઞાતિના ધોરણ ૮ થી ૧૨ના ૬૦૦ વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવી શૈક્ષણિક ૪૪ વસ્તુઓ આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. જેમાં ૧ થી ૫ નંબર (ધો.૮,૯,૧૧) અને નંબર ૧ થી ૮ (ધો. ૧૦,૧૧) મેળવનાર મેરીટ માં આવેલ વિદ્યાર્થીઓને મેડલ, શિલ્ડ સન્માનપત્ર, સ્કુલ બેગ વગેરે દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગત વર્ષે પાંચ શ્રેષ્ઠ શિક્ષકો નુ સન્માન કરેલ એ પ્રકારે આ વર્ષે કલાક્ષેત્રમાં સફળતા હાંસલ કરેલ કલાકારોનું સન્માન કરવાનુ નક્કી કરેલ. જેમાં સંસ્થા દ્વારા લોક સાહિત્યકાર અમુદાનભાઈ ગઢવી, ઢોલકના બેતાબ બાદશાહ હાજીભાઈ રમકડું અને કોયલ જેવો કંઠ ધરાવનાર જૂનાગઢના જાણીતા લોક ગાયિકા નીરૂબેન દવેનું સન્માનપત્ર, સાલ અને મોમેન્ટો આપી સંસ્થા દ્વારા કલાની કદર કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ દાતા અને અતિથિ વિશેષ બાબુભાઈ લાઠીયા, કલ્પિતભાઈ નાણાવટી, જી.પી. કાઠી, કે.ડી. પંડ્યા, પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોશી, યતીનભાઈ કારીયા, ભોગીભાઈ ભટ્ટ, નાગભાઈ વાળા, પૂ. રવિભાઈ શાસ્ત્રી, ડો. પાર્થભાઈ ગણાત્રા, ધર્મેન્દ્રભાઈ રાજાણી, ચિરાગભાઈ કડેચા, પ્રશાંતભાઈ ભરડવા, અમુભાઈ પાનસુરીયા, ગીરીશભાઈ મશરૂ, અભયભાઈ ચોકસી, મુકેશગીરી એસ. મેઘનાથી, સમીરભાઈ દતાણી, નરેન્દ્રભાઈ ઘુચલા, નલીનભાઈ આચાર્ય, હરસુખભાઈ વઘાસિયા, દીપલભાઈ રૂપારેલીયા, અજીતભાઈ ચુડાસમા, વિજયાબેન લોઢીયા, સુશીલાબેન શાહ, ભાવનાબેન પોશીયા, ગાયત્રીબેન જાની, જયશ્રીબેન વેકરીયા, આધ્યાશક્તિબેન મજમુદાર, ડો.બીનાબેન વંશ, પુષ્પાબેન પરમાર, પૂજાબેન કારીયા, નિર્મળાબેન ધકાણ, અરવિંદભાઈ સોની, કિશોરભાઈ ચોટલીયા, રાજેશભાઈ ચુડાસમા, ગુજરાત દિવ્યાંગ મંચના પ્રમુખ રમેશભાઈ કોરાટ, જેતપુરથી હરીશભાઈ મણીયાર વિગેરે આ કાર્યક્રમમાં પોતાનો કિંમતી સમય આપી કાર્યક્રમને દિપાવવા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને ઉજવળ બનાવવા માટે અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસ, કમલેશભાઈ પંડ્યા, અલ્પેશભાઈ પરમાર, કે.એસ. પરમાર, મુળુભાઈ જોગલ, મુકેશભાઈ પાંડવ, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, કેતનભાઈ નાંઢા, કે.કે. ગોસાઈ, મનહરસિંહ ઝાલા, રણછોડભાઈ ગોડફાડ, કમલેશ ટાંક, મનોજભાઈ સાવલિયા વગેરે સેવાભાવી સંસ્થાના કાર્યકરો દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ દર વખતે લોઢીયાવાળી ફ્રી આપવામાં આવે છે. એ બદલ લોઢિયાવાળીના તમામ ટ્રસ્ટીઓ તેમજ આ કાર્યક્રમમાં યોગદાન આપનાર સર્વે દાતાઓ, મહાનુભાવો તેમજ સેવાભાવી કાર્યકરોનો તમામ ટ્રસ્ટીઓ વતી હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ અદાલતમાં લોક અદાલત : ઝડપથી ન્યાયીક નિકાલ લાવવા ન્યાયિક પહેલ

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૦

ગુજરાત રાજ્ય નામદાર ગુજરાત હાઈકોર્ટની અનુશ્રામાં કામ કરતી બોડી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના પેટ્રોન ઈન ચીફ અને ગુજરાત હાઈકોર્ટના નામદાર ચીફ જસ્ટીસ શ્રીમતી સુનિતા અગ્રવાલના ડાયરેકશન અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના નામદાર એક્ઝિક્યુટિવ ચેરમેન જસ્ટીસ શ્રી બિરેન વૈશ્નવ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના એડમિનિસ્ટ્રેટિવ જસ્ટીસ શ્રી એચ.એસ. પ્રચ્છકના માર્ગદર્શન અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મેમ્બર સેક્રેટરી શ્રી આર.એ. ત્રિવેદીની સીધી દેખરેખ હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દેવભૂમિ દ્વારકા દ્વારા આગામી શનિવાર તારીખ ૧૪ ના રોજ જિલ્લામાં આવેલી તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક-અદાલત તેમજ સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગનું આયોજન કરવામાં આવનાર છે. આ રાષ્ટ્રીય લોક અદાલતમાં અદાલતમાં ચાલતા હોય તેવા તમામ સમાધાન લાયક સિવિલ તથા ફોજદારી પેન્ડિંગ કેસો લગ્ન વિષયક તકરારો, મોટર અકસ્માત વળતર કેસ, દિવાની કેસ, કામદાર વળતર કેસ, મોબાઈલ કંપની સાથેના વિવાદ, ફોજદારી સમાધાન પાત્ર ગુન્હાઓના કેસ જમીન સંપાદન વળતર કેસ, બેન્ક રીકવરી કેસ,પેન્શન કેસ,ગ્રાહક સેવા તકરારની બાબતો, વીજ કંપનીના કેસ વિગેરે તમામ કેસો મુકવામાં આવનાર છે. આ વખતેની લોક અદાલતમાં ખાસ કરીને અદાલતમાં ઘણા લાંબા સમયથી પેન્ડિંગ રહેલા કેસોને આઈડેન્ટીફાઈ કરી તે કેસો આગામી લોક અદાલતમાં મીડિયેશન અને કન્સીલેશનના માધ્યમથી મૂળ વિવાદ નો કાયમી સુખદ નિવારણ સમાધાનના માધ્યમથી ફેસલ થાય તે માટે સ્પેશિયલ ટાર્ગેટેડ કેસો માટે કન્સીલેશન ની અલગ અલગ કેટેગરી વાઈઝ જેમકે MACP, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, મેટ્રીમોનીયલ ડિસ્પ્યુટ અંગેની બેંચો તાલુકાથી લઈને જિલ્લા સુધીની બનાવવામાં આવેલ છે જેમાં ડેડીકેટેડ ન્યાયાધીશ તથા સિનિયર ધારાશાસ્ત્રીઓને રાખવામાં આવેલ છે. જેમના દ્વારા કોઝ લીસ્ટ બનાવી પ્રી - સીટિંગનું આયોજન કરવામાં આવે છે. પ્રિ-લીટીગેશન કેસો એટલે આવે કેસો કે જે હજુ સુધી અદાલતમાં આવેલ નથી તેવા પ્રિ-લીટીગેશન કેસો, જેમાં પબ્લીક યુટીલીટી સર્વિસીસ સાથે સંકળાયેલા કેસો વીજ તથા પાણીના બાકી લેણાંનાં કેસો, ટ્રાફિક ચલણના કેસો, નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટના કેસો, બેંક રીકવરી કેસો, લેબર ડીસ્પ્યુટસના કેસો વિગેરે કેસો માટે પ્રિ-લીટીગેશન અદાલતનું પણ આયોજન કરવામાં આવેલ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલી જુદી-જુદી અદાલતો દ્વારા પેન્ડિંગ તથા પ્રિ -લીટીગેશન મળીને કુલ ૫૭૦૦ થી વધુ કેસો ફાઈન્ડ આઉટ કરી મુકવામાં આવેલ છે. ઈ ચલણ અંગે જિલ્લા પોલીસ દ્વારા અપાયેલા ઈ-ચલણ ન ભર્યા હોય તેવા કુલ ૩૩૬૫ વાહન ચાલકો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. આ અંગેની કાયદાકીય કાર્યવાહીથી બચવા માંગતા લોકોએ ખંભાળિયામાં "નેત્રમ " કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર અથવા જિલ્લાની નજીકની ટ્રાફિક શાખા કે તા. ૧૪ ની આ લોક અદાલતના દિવસે રૂબરૂ ભરી શકાશે. કોઈ કેસ લોક અદાલતના માધ્યમ થકી ખુબજ ઝડપથી પુરો કરાવવા માટે નજીકની કોર્ટ તાલુકા કાનૂની સેવા સમિતિની સંપર્ક કરવા વિકલ્પે ખંભાળિયાના રોડ ઉપર આવેલા હર્ષદપુર વિસ્તારમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલયનો રૂબરૂ અથવા ટેલિફોન નંબર (૦૨૮૩૩) ૨૩૩૭૭૫ ઉપર સંપર્ક કરવા અથવા ઈ - મેઈલ: dlsakhambhalia @gmail.com મારફતે સંપર્ક કરવા કે હેલ્પલાઈન નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

## ઓખા શહેરમાં સહુથી મોટા પંડાલમા ઓખા કા રાજા ગજાનંદ દાદાની ધમાકેદાર એન્ટ્રી




(પ્રતિનિધિ દ્વારા)
ઓખા તા.૧૦

ઓખા નગરપાલિકા વિસ્તારનાં સહુથી મોટા પંડાલ નવીબજાર, જવાહર રોડમાં શ્રી રામની થીમ આધારિત મૂર્તિ બેસાડી ગણેશ દાદા ની ૧૧ દિવસ માટે સ્થાપના કરવામાં આવી હતી. છેલ્લા ૧૦ વર્ષથી ઓખાના દરેક સમાજના લોકો સાથે મળી આ ગણેશ મોહત્સવ ઉજવે છે. પ્રથમ દિવસેજ બ્રહ્મસમાજની વાડીએથી ગજાનંદ દાદાની શોભાયાત્રામાં નાના બાળકો, યુવનો, મહિલાઓ તથા વડીલો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ઓખા કા રાજાની ધમાકેદાર એન્ટ્રી સાથે પહેલા દિવસે ગીરીશભાઈ જોષી પરિવાર તથા બીજે દિવસે મનોજભાઈ થોભાણી પરિવાર દ્વારા બાપાને વધાવ્યા હતા.

અહીં બાપાની ભષ્મ આરતી કરી દાદાને લાડુના ભોગ ધારાવ્યા હતા. ૧૧ દિવસ સુધી આ મોહત્સવમાં દરરોજ જુદા જુદા કાર્યક્રમો યોજાશે. અહીં આ મોહત્સવના મુખ્ય આયોજક રવુભા માણેક પરિવાર તથા તેમની યુવા ટીમ ખુબ જ સારી જહેમત ઉઠાવી રહ્યા છે.

## કેશોદની જુની બજારમાં આખલાઓની લડાઈ વેપારીઓ ભયભીત



(પ્રતિનિધિ દ્વારા)
કેશોદ તા.૧૦

કેશોદ શહેરમાં રખડતાં ભટકતાં પશુઓથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. નામદાર હાઈકોર્ટ દ્વારા જવાબદાર તંત્રને ફટકાર લગાવી હતી ત્યારે પગલાં ભરવાની અને પશુ માલિકો વિરૂધ્ધ કડકાઈથી કાર્યવાહી કરવાની મસમોટી જાહેરાત કરી સંતોષ માનનારા પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. કેશોદના જુના ગામતળ વિસ્તારમાં આવેલી જુની મેઈન બજારમાં જવાહર ચોક વિસ્તારમાં આખલાઓની લડાઈ વચ્ચે સમગ્ર બજારમાં સોપો પડી ગયો હતો અને પોતાના જાનમાલને બચાવવા ફટાફટ દુકાનો બંધ કરી દેવા મજબુર બન્યાં હતાં. કેશોદના જુના ગામતળ વિસ્તારમાં એક તો સાંકળા રસ્તાઓ અને સાંકળી શેરીઓ આવેલી છે ત્યારે રખડતાં ભટકતાં પશુઓથી રહીશો વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. કેશોદની જુની બજારમાં આખલાઓની લડાઈ શરૂ થતાં કોઈ રીતે છુટા પડતાં ન હતાં ત્યારે સદનસીબે ડોર ટુ ડોર કચરો એકઠો કરતાં વાહન દ્વારા વચ્ચે પડી છુટા પાડતાં વેપારીઓ વાહનચાલકોએ હાશકારો લીધો હતો.

## કાલે બુધવારે રાધાષ્ટમી

ભાદરવા શુદ આઠમને બુધવાર તા.૧૧-૯-૨૦૨૪નાં દિવસે રાધાષ્ટમી છે. આ દિવસ શ્રી રાધાજીના પ્રાગટય દિવસ તરીકે ઉજવાય છે. શ્રી રાધાજી ભાદરવા મહિનાની શુદ પક્ષની અષ્ટમી તીથી એ બપોરે અભિજિત મુહૂર્તમાં રાજા વૃષભાનુના યજ્ઞ ભૂમિથી પ્રકટ થયા હતા. શ્રી રાધાજીનું જન્મ સ્થળ બરસાના છે. તેમ માનવામાં આવે છે. શાસ્ત્રો પ્રમાણે શ્રી રાધાજી પ્રાણોના અધિષ્ઠાત્રી દેવી છે. શ્રી રાધાજીની પૂજા વગર શ્રી કૃષ્ણ ભગવાનની પૂજા અધુરી છે. રાધા અષ્ટમીનાં દિવસે મધ્યાન સમયે એક બાજોઠ ઉપર રંગીન કપડા ઉપર શ્રી રાધા કૃષ્ણની છબી રાખી અને કંકુ, ચોખા, અબીલ ગુલાલ, ફુલ પધરાવી ધુપ-દિપ નૈવેધમાં મીઠાઈ અર્પણ કરી આરતી કરી પૂજા કરવી તથા શ્રી કૃષ્ણ ભગવાનનું કિર્તન કરવું. આ દિવસે ઉપવાસ અથવા એકટાણું કરવું. આમ રાધાષ્ટમીનું વ્રત પૂજન કરવાથી ઘરમાં મધુરતા આવે છે. વાણીમાં મધુરતા આવે છે. ઘરનાં સભ્યો સાથે સંપ વધે છે અને રાધાજીના પૂજનથી લક્ષ્મીજી પણ ખુશ થાય છે આથી લક્ષ્મી પ્રાપ્તિના પણ યોગ બને છે.

**- શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)**

### અવસાન નોંધ

સોરઠીયા વાણંદ વાજા સંજયભાઈ મોહનભાઈના ધર્મપત્ની હીનાબેન(ઉ.વ.૩૭)તે પરેશભાઈ વાજાના નાના ભાઈનાં પત્ની તેમજ પરેશભાઈ પરમારનાં બેનનું તા.૯-૯-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે. તેનું બેસણું દિપાંજલી-૨, ઓમકારેશ્વર મંદિર, હનુમાન મંદિર પાસે તા.૧૨-૯-૨૪ને ગુરૂવારે ૪ થી ૬ રાખવામાં આવેલ છે.

## હિન્દુ-મુસ્લીમ એકતા કમીટી દ્વારા ગણેશ ઉત્સવનું આયોજન




જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં ગાંધી ચોક પાસે ડ્રાઈવીંગ એસોસીએશનના સભ્યો, મનીષભાઈ ઠાકરસિંહ પટેલ તથા તેમની કમીટીના સભ્યો દ્વારા ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ મુસ્લીમ એકતા કમીટી દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી મુહર્રમ પર્વ દરમ્યાન છબીલનું પણ આયોજન કરવામાં આવે છે તથા ગણેશ ઉત્સવનું પણ આયોજન કરવામાં આવેલ છે. બધા સભ્યો દ્વારા પુજન તથા નાના ભુલકાઓને લાણીનું પણ વિતરણ કરવામાં આવે છે.

(તસ્વીર : અલ્ફેઝ સલીમભાઈ ભટ્ટી)

## જૂનાગઢમાં સંજરી સોશ્યલ ટ્રસ્ટ દ્વારા ૧૧ સમુહ શાદીનું ભવ્ય આયોજન

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સંજરી સોશ્યલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી સમુહ શાદીની ભવ્ય સફળતા બાદ આ વર્ષે પણ મુસ્લીમ સમાજનો ૧૫મો ૧૧ સમુહશાદીના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

મુસ્લીમ સમાજમાં છવાયેલા કુરિવાજોને દુર કરવા અને ગરીબ વર્ગની લાગણીને ધ્યાને લઈ સંસ્થા દ્વારા દાતાઓનાં સાથ સહકારથી ૧૧ સમુહશાદીનું આયોજન કરેલ છે. આ સમુહ શાદીનો કાર્યક્રમ મજેવડી દરવાજા, ગીરનાર રોડ, મહાસાગર ટ્રાવેલ્સ સામે, જંગલીશા પીર દરગાહ કમ્પાઉન્ડ, નવા સબ સ્ટેશન સામે, જમાલવાડી જૂનાગઢ ખાતે આગામી તા.૨૭-૧૦-૨૦૨૪ને રવિવારના રોજ યોજાશે. સમુહ શાદીમાં ભાગ લેવા ઈચ્છતા મુસ્લીમ બિરાદરો માટે ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા.૨૩-૯-૨૦૨૪ સોમવાર સુધી રાખવામાં આવેલ છે. ફોર્મ મેળવવા માટે તેમજ વધુ વિગત માટે ઓફીસ હિન્દ રક્ષક, સુખનાથ ચોક, હીરાપાન, પાછળ, જૂનાગઢ ખાતેથી મળી શકાશે. તેમજ જાકીરભાઈ વહાબભાઈ કુરેશી, જાકીર મંઝીલ, જમાલવાડી, મેમણ કબ્રસ્તાન પાછળ જૂનાગઢ (મો.૯૭૨૨૯ ૩૯૩૯૩) તેમજ હનીફભાઈ રાજસુમરા, અસલમભાઈ કુરેશી, રાઈફખાન પઠાણ, કાસમભાઈ જુણેજા, બટુકભાઈ મકવાણા, હમીદખા સરદારખા પઠાણ, અસલમભાઈ શેખ, જીશાનભાઈ હાલેપૌત્રા (એડવોકેટ)નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

## કેશોદ હિન્દુ સ્મશાન ખાતે મૃતાત્માઓના અસ્થિનું વિસર્જન પહેલાં પુજા અર્ચના કરવામાં આવશે




(પ્રતિનિધિ દ્વારા)
કેશોદ તા.૧૦

કેશોદઃ માનવ સેવા સમાજ ટ્રસ્ટ કેશોદ દ્વારા છેલ્લા પચ્ચીસ વર્ષથી વર્ષમાં બે વખત મૃતાત્માઓના અસ્થિનું હરિદ્વાર ખાતે ગંગાજીમા પીડદાન કરી શાસ્ત્રોક્ત વિધિ અનુસાર વિસર્જન કરવામાં આવે છે. કેશોદ તથા આજુબાજુના વિસ્તારમાંથી સ્વજનોના અસ્થિ એકઠા કરી હરિદ્વાર મુકામે માનવ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ચૈત્ર માસમાં અને ભાદરવા માસમાં સ્વખર્ચ ભુદેવોની હાજરીમાં ધાર્મિક વિધિથી આ અસ્થિઓ વિસર્જન કરવામાં આવે છે. તારીખ ૧૩-૯-૨૦૨૪ શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે કેશોદ સ્મશાન ખાતે સ્વજનોની હાજરીમાં છ માસમાં એકત્રિત થયેલાં અસ્થિઓને ફુલહાર કરીને હરિદ્વાર ગંગાજીમાં વિસર્જન કરવા અંતિમ વિદાય આપવામાં આવશે. કેશોદ માનવ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા છેલ્લાં છ માસમાં મૃત્યું પામેલા મૃતાત્માઓના સ્વજનો પરિવારજનોને પધારવા જણાવ્યું છે.

## ખંભાળિયામાં દાંતા ગામના મહિલાના મોબાઈલ, રોકડની ચોરી

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયા તાલુકાના દાંતા ગામે રહેતા પારૂલબા હરેશસિંહ માનસંગજી જાડેજા નામના ૩૭ વર્ષના મહિલા અહીંની એક હોસ્પિટલ પાસે આવ્યા હતા. ત્યારે તેમનો રૂપિયા ૧૫,૫૦૦ ની કિંમતનો વિવો કંપનીનો મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૨,૦૦૦ ની રોકડ રકમ મળી, કુલ રૂપિયા ૧૭,૫૦૦ નો મુદામાલ કોઈ શખ્સ ચોરી કરીને લઈ ગયો હોવાની ધોરણસર ફરિયાદ મહિલા દ્વારા અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. અન્ય એક બનાવમાં ખંભાળિયા તાલુકાના ભીંડા ગામે રહેતા દેવરખીભાઈ રામસીભાઈ ચાવડા નામના ૩૬ વર્ષના યુવાને અત્રે ભાણવડ રોડ ઉપર આરવ ફાર્મ પાસે પાર્ક કરીને રાખેલું રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમતનું સ્પ્લેન્ડર મોટરસાયકલ કોઈ તસ્કરો ચોરી કરીને લઈ ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **મૌલિકકુમાર લાલજીભાઈ નાકરાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **મૌલિકકુમાર લાલાજીભાઈ નાકરાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. સરનામું :

**મૌલિકકુમાર લાલાજીભાઈ નાકરાણી**
૨૦૦૨ ગોવિંદપુર ધારી જી. અમરેલી - ૩૬૫૬૪૦

# મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા '૭ મો રાષ્ટ્રીય પોષણ માહ' – ૨૦૨૪ની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી

### આઈ.સી.ડી.એસ. હેઠળ કાર્યરત "પુર્ણા યોજના" અંતર્ગત નોંધાયેલ કિશોરીઓને જીવન કૌશલ્ય તાલીમ આપવામાં આવી




જૂનાગઢ તા.૧૦

ગુજરાત સરકાર દ્વારા ઉજવવામાં આવી રહેલા ૭ માં તબ્બકાના રાષ્ટ્રીય પોષણ માહની જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા ઉજવણી કરવામાં આવી. એનિમિયા નિવારણ , ગ્રોથ મોનીટરીંગ, જરૂરી સેવા વિતરણ તેમજ 'પોષણ ભી પઢાઈ ભી', બાળકોને પોષણક્ષમ આહાર પુરો પાડવા સહિતની થીમ મુજબની પ્રવૃતીઓ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.

આઈ.સી.ડી.એસ. શાખા મહાનગરપાલિકા જુનાગઢ દ્વારા પણ વિવિધ કાર્યક્રમો થકી પોષણ માહ – ૨૦૨૪ ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. આઈ.સી.ડી.એસ. શાખા ના તાબા હેઠળના ઘટક જુનાગઢ-૧ (અર્બન)ના દોલતપરા - ૨ સેજાના નવાપરા આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ માહ - ૨૦૨૪ ની સેજા કક્ષાની ઉજવણી કરવામાં આવેલ.

આ ઉજવણી કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી વત્સલાબેન દવે દ્વારા આઈ.સી.ડી.એસ. હેઠળ કાર્યરત 'પુર્ણા યોજના' અંતર્ગત નોંધાયેલ કિશોરીઓને જીવન કૌશલ્ય તાલીમ આપવામાં આવી તેમજ કિશોરીઓને એનિમિયા તેમજ કિશોરીઓના પોષણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ અને પોષણ શપથ લેવડાવવામાં આવ્યા. મહાનગરપાલિકાની તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે પણ પોષણ માહ – ૨૦૨૪ ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણ જાગૃતિ માટે શિબિર યોજવામાં આવેલ આ શિબિરમાં આઇસીડીએસ યોજનાના લાભાર્થીઓને પોષણ વિશે સમજૂતી આપવામાં આવેલ તેમજ 'ટેક હોમ રાશન' ના ફાયદા વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી.

સમગ્ર પોષણ માસની તમામ ઉજવણીનું સફળ સંચાલન આઈ.સી.ડી.એસ. શાખાના પ્રોગ્રામ ઓફીસરશ્રી વત્સલાબેન દવેના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ.ની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે આમ આઈ.સી.ડી.એસ શાખા મહાનગરપાલિકાની યાદિમાં જણાવાયુ.

### ગુજરાતના યુવક – યુવતીઓ માટે આગામી સમયમાં

# ગીરનાર- જૂનાગઢ ખાતે 'રાજ્ય કક્ષા ગીરનાર આરોહણ – અવરોહણ સ્પર્ધા' યોજાશે

### સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ૧૪ થી ૩૫ વર્ષની વય ધરાવતા યુવક –યુવતીઓએ તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં અરજી

ગાંધીનગર, તા.૧૦

રાજયના ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા વિદ્યાર્થી અને વિદ્યાર્થી ન હોય તેવા યુવક-યુવતીઓને માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ "રાજ્ય કક્ષા ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા" યોજવામાં આવે છે. યુવક-યુવતીઓને આરોહણ-અવરોહણ સ્પર્ધામાં જોડાવાની ઉમદા તક આપી પ્રોત્સાહિત કરવાના હેતુસર સરકાર દ્વારા એક દિવસીય "રાજ્ય કક્ષા ગીરનાર આરોહણ – અવરોહણ સ્પર્ધા' આગામી જાન્યુઆરી-૨૦૨૫માં ગીરનાર-જૂનાગઢ ખાતે યોજવામાં આવશે તેમ, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરશ્રી ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયું છે કે, આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેમણે પોતાના જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી અરજી ફાર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરીને જરૂરી આધાર-પુરાવા સાથે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢને તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં મોકલી આપવાનું રહેશે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૪-૨૫માં રાજકોટ ખાતે ઓસમ પર્વત ચોટીલા, ઈડર,પાવાગઢ તથા વલસાડના પારનેરા ડુંગર ખાતે આયોજિત થનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં જુનિયર, સિનિયર વિભાગમાં ૧ થી ૧૦ ક્રમાંકે વિજેતા થયેલ યુવક-યુવતીઓએ રાજ્ય કક્ષા ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે નહી. તે વિજેતા સ્પર્ધકો રાષ્ટ્રીય કક્ષાની અખીલ ભારત 'ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં' સીધોજ પ્રવેશ મેળવી શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકે પોતાના ખર્ચે સ્પર્ધાના સ્થળ જૂનાગઢ ખાતે આવવાનું રહેશે, સ્પર્ધા દરમ્યાન વિનામુલ્યે નિવાસ, ભોજન તેમજ સ્પર્ધામાં ભાગ લેવા બદલ સ્પર્ધકને રાજ્ય સરકાર દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. આયોજક જિલ્લાને મળેલ અરજીઓ પૈકી આ સ્પર્ધા માટે પસંદગી પામનાર યુવક-યુવતીઓને જિલ્લા યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ દ્વારા ટેલીફોનિક જાણ કરવામાં આવશે. આ સિવાય કોઈપણ બાબતની જાણકારી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢનો સંપર્ક કરવા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરની યાદીમાં વધુમાં જણાવાયું છે.

# જૂનાગઢ તાલુકા (શહેર) સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫ સપ્ટેમ્બરના યોજાશે

જૂનાગઢ,તા.૧૦

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ તેમજ લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જૂનાગઢ તાલુકા માટે સ્વાગત ઓનલાઈલ કાર્યક્રમ તા.૨૫-૯-૨૦૨૪ (બુધવાર) સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી,તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ ખાતે યોજાશે. મુખ્યમંત્રીનો સ્વાગત ઓનલાઈન(ફરિયાદ નિવારણ) કાર્યક્રમમાં કોઈપણ અરજદારને અરજી કરતા પહેલા શહેરી વિસ્તારનો પ્રશ્ન હોય તો સીટી તલાટી કમ મંત્રીને પ્રથમ અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રશ્ન અંગે લેખિતમાં રજૂઆત કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો શહેર કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ, આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે અને આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે, સામુહિક રજૂઆતો નહિ થઈ શકે. મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજીઓ, એક કરતા વધુ વિભાગ, કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ-વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવાપાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વગાત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઈ શકશે નહી તેમ જૂનાગઢ(શહેર) મામલતદારની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ લોહાણા મહાજન દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

### પ્રાયમરીથી ગ્રેજ્યુએટ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર કુલ ૮૫૫ વિદ્યાર્થીઓ સન્માનિત કરાયા



જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ લોહાણા મહાજન દ્વારા પ્રાયમરીથી ગ્રેજ્યુએટ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો.જેમાં ૮૫૫ વિદ્યાર્થીઓને મહાજન શ્રેષ્ઠી સહિતના મહાનુભાવોના હસ્તે શિલ્ડ, પ્રમાણપત્ર, શૈક્ષણિક કીટ સહિતની વિવિધ ચીજો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જૂનાગઢ લોહાણા મહાજન દ્વારા પ્રાયમરીથી ગ્રેજ્યુએટ સુધીના વિદ્યાર્થીઓને સન્માનિત કરવા રવિવારે ગિરનાર રોડ પર આવેલ લોહાણા મહાજન વાડી ખાતે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ઓનલાઈન લિંક દ્વારા ૮૫૫ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂના માર્ગદર્શન હેઠળ યોજાયેલ વિદ્યાર્થી સન્માન સમારોહના કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા અને ઉજવળ ભવિષ્ય અંગે શુભકામના પાઠવવામાં આવી હતી.કાર્યક્રમમાં લોહાણા મહાજનની ટીમના સભ્યો અને જ્ઞાતિ શ્રેષ્ઠિઓના હસ્તે વિવિધ ફેકલ્ટીના ૭૬૦ અને વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર ૯૫ મળી કુલ ૮૫૫ વિદ્યાર્થીઓને શીલ્ડ, પ્રમાણપત્ર, શૈક્ષણિક કીટ, સહિતની ચીજો આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત અગ્રણી એડવોકેટ જયકિશનભાઈ દેવાણીની શહેર અને જિલ્લાના નોટરી એસોસિએશનના પ્રમુખ તરીકે સતત ત્રીજીવાર વરણી થતાં તેઓનું મહાજન શ્રેષ્ઠીઓના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત કાર્યક્રમનું સફળ સંચાલન કરવા બદલ કૃષિ ઈજનેર પરાગભાઈ ભુપ્તા અને શ્રીમતી પ્રો ખ્યાતિબેન ભુપ્તાને સન્માનિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં લોહાણા મહાજનના મહામંત્રી નંદલાલભાઈ ચોલેરા, મોવડી અજયભાઈ જોબનપુત્રા, મનીષભાઈ નાગ્રેચા, ઉપપ્રમુખ પૂજાબેન કારીયા, સેક્રેટરી સંજયભાઈ ચોલેરા, ઈન્ટર્નલ ઓડિટર હિમાંશુભાઈ કારીયા, મહેશભાઈ લાખાણી, જયેશભાઈ પોપટ, શૈલેષભાઈ પારેખ, સુરેશભાઈ દત્તા, પંકજભાઈ ભટેચા સહિત લોહાણા મહાજનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાની આંગણવાડીઓ ખાતે પોષણ માસની થશે ઉજવણી

### પોષણ અભિયાન અન્વયે એનિમિયા, વૃધ્ધિ દેખરેખ પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી અને ટેકનોલોજી સહિતની થીમ સાથે કાર્યક્રમો યોજાશે

જૂનાગઢ, તા.૧૦

પોષણ અભિયાન થકી સરકાર દ્વારા સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં પોષણના પરિણામોને સર્વગ્રાહી રીતે સુધારવાનો સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦, એક સંકલિત પોષણ સહાય કાર્યક્રમ છે કે જે આંગણવાડીની સેવાઓ, કિશોરીઓ માટેની યોજના અને પોષણ અભિયાનને નિર્દેશીત કરે છે. પોષણ અભિયાનના ઈચ્છિત ધ્યેયો હાંસલ કરવા માટે વ્યક્તિગત અને સામુદાયિક સ્તરે વર્તણૂકલક્ષી પરિવર્તન એક મહત્વપૂર્ણ ઘટક છે.

પોષણ અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લાની આંગણવાડી કક્ષાએ તેમજ સંલગ્ન વિભાગોની ભાગીદારીથી ચાલુ વર્ષે ૧ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન 'રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૪' ની ઉજવણી એનિમિયા, વૃધ્ધિ દેખરેખ (ગ્રોથ મોનીટરીંગ), પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી **(PBPB)** અને સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી મુજબની થીમ મુજબ ઉજવણી થશે તેવું જૂનાગઢ આઈ.સી.ડી.એસ.ના જિલ્લા પ્રોગ્રામ ઓફિસરની યાદીમાં જણાવાયું છે.

# ઉનાના દેલવાડા ગામે વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૦

ઊના તાલુકાના દેલવાડા ગામે કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દેલવાડા દ્વારા સંઘવી વિદ્યાલયના સંકુલમાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજવમાં આવિયો હતો જેમાં રાજકોટની નામાંકિત એચ. સી.જી હોસ્પિટલના હૃદય રોગના નિષ્ણાંત, ન્યુરો સર્જન, ઓર્થોપેડીક સર્જન, કેન્સર રોગ નિષ્ણાંત, આંખ, કાન, ગળા, જનરલ સર્જન, લેપ્રો સ્કોપી સર્જન, પેથોલોજી વિભાગના નિષ્ણાત ડોકટરોની ટીમ ફાર્મ સિસ્ટની ટીમ હજાર રહી ઊના શહેર અને તાલુકાભરમાંથી ૨૦૦થી વધુ લોકો ને તપાસી નિદાન કરી સારવાર આપી હતી. અને જરૂરિયાત વાળા ને વિના મૂલ્યે કાડિયો ગ્રામ, કાઢી વિનામૂલ્યે દવાઓ આપવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ એચ.આઈ. કુબાવત અને હિરેનભાઈ બાંભણિયા અને સેવા ભાવિ આગેવાનો એ જહેમત ઉઠાવી હતી.

# જોગવડના રામદૂતનગરમાં રિલાયન્સ દ્વારા સંપૂર્ણ સુવિધા સજજ પ્રાથમિક શાળાનું નિર્માણ કરાશે

### સૂચિત ગ્રીન બિલ્ડીંગનું વિદ્યાર્થીનીના હસ્તે કરાયું ભૂમિપૂજન




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨

રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વની પ્રવૃત્તિ તરીકે જોગવડના રામદૂતનગર વાડી વિસ્તારની પ્રાથમિક શાળાનું સંપૂર્ણ સુવિધાસજ્જ મકાન તૈયાર કરી આપવામાં આવશે. તાજેતરમાં વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં શાળાના આ નવા મકાનની ખાતમુહૂર્ત વિધી સંપન્ન કરવામાં આવી હતી.

જામનગરના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ગ્રામ પંચાયતની રજુઆતને માન્ય રાખીને રિલાયન્સના ધનરાજ નથવાણીની મંજૂરી અને માર્ગદર્શનથી તૈયાર થનાર આ ગ્રીન બિલ્ડીંગમાં કુલ આઠ વર્ગખંડો, ઈતર પ્રવૃત્તિઓ માટે વધારાના બે રૂમ, આચાર્યની ઓફીસ, સ્ટાફરૂમ, કુમાર અને કન્યાઓ માટેના અલગ સેનીટેશન બ્લોક, મુખ્ય પ્રવેશદ્વાર અને કમ્પાઉંડ વોલ સહિત કુલ ૭,૭૭૪ ચો.ફૂટનું બાંધકામ થશે.

ઉલ્લેખનીય છે કે, શાળાના નવા મકાનની સાથે સોલાર સીસ્ટમ, પબ્લીક એનાઉન્સમેંટ સીસ્ટમ, સી.સી.ટીવી., આર.ઓ. પ્લાન્ટ, ફાયર ફાઈટીંગ સીસ્ટમ, રમતનાં સાધનો સાથેનું મેદાન અને સંગીતનાં સાધનો પણ પૂરાં પાડવામાં આવશે. શાળાને ઉપયોગી એવાં બેંચ, ટેબલ, ખુરશી, કબાટ સહિતના ફર્નિચરથી સજ્જ કરીને બાંધકામ પૂર્ણ થયે સુંદર વૃક્ષારોપણ કરી આ ગ્રીન બિલ્ડીંગ સત્તાધિકારીઓને સુપ્રત કરાશે. રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ દ્વારા થઈ રહેલી શિક્ષણ, આરોગ્ય, સ્ત્રી સશક્તિકરણ , યુવા ઉત્કર્ષ સહિતની સામાજિક ઉત્તરદાયિત્વની પ્રવૃત્તિઓ આસપાસના ગ્રામજનો માટે આશિર્વાદરૂપ સિદ્ધ થઈ રહી છે.

### જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા

# આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ' ઉજવણી



જૂનાગઢ,તા.૧૦

આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ વિશ્વમાં દર વર્ષે ૮મી સપ્ટેમ્બરના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસને વિશ્વ સાક્ષરતા દિન તરીકે ઉજવવાની જાહેરાત યુનેસ્કો તરફથી ઈ. સ. ૧૯૬૫ના વર્ષમાં ૧૭મી નવેમ્બર ના દિવસે કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણીની શરૂઆત ઈ.સ. ૧૯૬૬ના વર્ષથી કરવામાં આવી હતી જે અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી જૂનાગઢ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત આદર્શ નિવાસી કન્યા શાળા અ.જા.જૂનાગઢ ખાતે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસની ઉજવણી ની થીમ" **promoting multilingual education: Literacy for mutual understanding and peace"** મુજબ આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ અંગે કિશોરીઓને સાક્ષરતા ના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત કિશોરીઓને કિશોરાવસ્થાઅંગે, સાઈબર ક્રાઈમ અંગે, મહિલા કલ્યાણ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન ના કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

### ગ્રામ વિકાસ એજન્સી- જૂનાગઢ દ્વારા

# મનરેગા યોજનાનો લાભ અંત્યોદય લાભાર્થી પ્રાપ્ત કરી શકે તેવી વ્યવસ્થાથી થતી ઉમદા કામગીરી



જૂનાગઢ, તા.૧૦

જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાનના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક પી.એ. જાડેજાની દેખરેખ હેઠળ મનરેગા યોજનાનાં અમલીકરણ માટે વધુને વધુ લોકોને મનરેગા યોજનાનો લાભ મળી શકે, અંત્યોદય લાભાર્થી સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓ પહોચે તે હેતુથી ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમા કામગીરીનું ત્રી-સ્તરીય નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. જે અન્વયે ગ્રામ પંચાયત કક્ષાથી, તાલુકા પંચાયત કક્ષાથી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કક્ષાએથી કામગીરી કરવામાં આવી હતી. રોજગાર દિવસ અંતર્ગત ૧૦૦ દિવસ રોજગારી મેળવવાના પાત્ર પરિવારોને શોધવા, તેમની નોંધણી કરવી અને કામ આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં જૂનાગઢ જિલ્લાના ૧૧૦ ગામોમાં તારીખ ૦૬/૦૯/૨૦૨૪ના રોજ રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને પોષણ માસ અભિયાન અંતર્ગત તે ગામોની આંગણવાડીઓમાં એગ્રી ન્યુટ્રીગાર્ડનના વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું. તેમ જિલ્લા ગ્રામવિકાસ એજન્સીની યાદીમા જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

## યુદ્ધની ચિનગારી વિશ્વને દઝાડશે

દુનિયામાં ઓછામાં ઓછાં ચાર એવાં સંવેદનશીલ સ્થાન છે, જ્યાં કોઈપણ સમયે ખરાબ સમાચારની આશંકા ઊભી રહે છે. તેમાંથી બે મોરચે તો હાલમતાં ઘાતક યુદ્ધ ચાલી જ રહ્યું છે. ઈઝરાયલ એકલું જ ઓછામાં ઓછા ચાર દેશો સાથે સીધા યુદ્ધની સ્થિતિમાં છે, તો આ તરફ રશિયા અને યુક્રેન વચ્ચે અંતહીન બર્બરતાનો સિલસિલો ચાલુ છે. સોમવારે સવારે સમાચાર આવ્યા કે રશિયાના સારાટોવ શહેરમાં એક ઊંચી ઈમારતને યુક્રેનના ડ્રોન હુમલામાં એ જ રીતે તોડી પાડવામાં આવી જેવી રીતે ૯/૧૧ માં અમેરિકામાં અલકાયદાએ વર્લ્ડ ટ્રેડ સેન્ટરને તોડી પાડયાં હતાં. સાથે જ એ પણ અફવા ફેલાવવામાં આવી કે આ રશિયાની સૌથી ઊંચી ઈમારત છે. વાસ્તવમાં ૩૮ માળની આ ઈમારત પર થયેલ હુમલામાં માત્ર એક મહિલાનું મોત થયાનું કહેવાય છે. પરંતુ તરત જ રશિયાએ પણ યુક્રેનના કેટલાક વિસ્તારો પર મિસાઈલોની વર્ષા કરી દીધી.

પોતાની નીતિ અનુરૂપ રશિયા યુક્રેન પર ઘાતક પ્રહાર કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે યુક્રેનથી સારાટોવ શહેર જેટલી દૂર છે એટલે જ દૂર મોસ્કો પણ છે. જો મોસ્કોમાં ઊંચી ઈમારતોને નિશાનો બનાવવામાં આવી, તો પછી રશિયાની આક્રમકતાને રોકવી મુશ્કેલ થઈ જશે. સૌથી મોટી ચિંતાની વાત એ છેકે જરૂરિયાત કરતાં વધારે આક્રમક અને વિઘ્નસંતોષી તત્ત્વ રશિયામાં પણ હશે અને યુક્રેનમાં પણ. જો એવા તત્ત્વોએ અરાજકતાનું થોડું પણ પ્રદર્શન કર્યું તો યુદ્ધ ભડકતાં વાર નહીં લાગે.

આ જ વાત પશ્ચિમ એશિયામાં પણ લાગુ થાય છે. તાકાતવર ઈરાન સહિત લગભગ અડધો ડઝન દેશ યુદ્ધથી દુ:ખી અને આક્રમક છે. અનેક દેશોના ધૈર્યની પરીક્ષા થઈ રહી છે. જો આ દેશોના અરાજક તત્ત્વોએ એક પણ નિશાનો ખોટો લગાવી દીધો, તો પછી યુદ્ધને વિકરાળ થતાં કોણ રોકી શકશે? આજે દુનિયાની જે સ્થિતિ છે તેમાં વિશ્વ સ્તર પર સત્તા અને અર્થવ્યવસ્થાના સમીકરણ ઝડપથી બદલાઈ રહ્યા છે. ધ્યાન રહે કે પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણોમાં જર્મનીનો ઉદય અને ઓટોમન સામ્રાજયનું પતન પણ સામેલ હતું. યુરોપમાં શક્તિ સંતુલન બગડી ગયું હતું અને રાષ્ટ્રો વચ્ચે આર્થિક પ્રતિસ્પર્ધા વધી ગઈ હતી. ઓસ્ટ્રો-હંગેરિયન સિંહાસનના એક ઉત્તરાધિકારીની હત્યા થઈ અને પ્રથમ વિશ્વયુદ્ધ છેડાઈ ગયું. લગભગ પાંચ વર્ષ સુધી દુનિયામાં લોહીની નદીઓ વહેતી રહી. સરકારોને પહોંચી વળાય, પરંતુ ખેપાની તત્ત્વોને કોણ પહોંચી વળે? શું યુદ્ધના મેદાનમાં ઉતરેલો કો દેશ એવી ગેરંટી આપી શકે?

બીજું વિશ્વયુદ્ધ તો પરમાણુ હુમલાઓને કારણે વધુ ભયાવહ થઈ ગયું હતું, પરંતુ પરમાણુ હુમલાની સ્થિતિ કેમ આવી? જો અમેરિકા યુદ્ધમાં સીધા નહિ પડવાની પોતાની નીતિ પર ચાલી રહ્યું હતું, તો તેના પર્લ હાર્બર બંદર પર હુમલો કરવાની જાપાનને શી જરૂર હતી? કોઈ જાપાનીએ એક ખોટો નિર્ણય લીધો અને અમેરિકાએ યુદ્ધના મેદાનમાં કૂદીને તેને એવું બર્બર રૂપ આપ દીધું કે લોકો આજે પણ હિરોશિમા અને નાગાસાકીના સંહારને યાદ કરી દુ:ખી થાય છે. દુનિયાનો એ હિસ્સો સેકંડોમાં તબાહ થઈ ગયો હતો. શું દુનિયાની મહાશક્તિઓ આજે પણ એવી જ વિભીષિકાની આશા રાખી રહી છે? શું રશિયા, યુક્રેન, ઈઝરાયલ, અમેરિકા, ચીન જેવા દેશો યુદ્ધજનિત તબાહીને ભૂલી ગયા છે? આજે યુદ્ધ જ નહીં, યુદ્ધની સ્થિતિ પર પણ લગામ લગાવવાની કોશિશ થવી જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિદ્યા તો કામધેનુ છે.

- ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૭ જયેષ્ઠા ગૌરી વ્રત તા.૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૬, અનુરાધા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૬, સૂ.અ.૬:૫૯
આજનો દિવસ મધ્યમ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહસ્થ જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ:કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન:વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક: મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મૂંઝવણ દૂર થાય.
કન્યા: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળા કામકરવાની વૃતિ ટાળવી.
તુલા: યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક:સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન: મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર: અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યોમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન: આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા, જૂનાગઢ ખાતે વિશ્વ સાક્ષરતા દિવસની ઉજવણી





જૂનાગઢ, તા.૧૦
યુનેસ્કો દ્વારા સને ૧૯૬૬થી માનવ વિકાસ અને માનવીય ચેતનાને ઉત્તેજન આપવા માટે દર વર્ષે ૮મી સપ્ટેમ્બરને વિશ્વ સાક્ષરતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યુનેસ્કો દ્વારા વિશ્વમાં સાક્ષરતા પ્રવુત્તિઓને વધુમાં વધુ વેગ આપવા અને નિરક્ષરતા નાબૂદી અર્થે અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યાં છે.

ભારત સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ જાહેર કરાયેલ "ઉલ્લાસ એપ્લીકેશન" અને "પઢેગા ઈન્ડિયા, તભી તો બઢેગા ઈન્ડિયા" સૂત્ર ખૂબ લોકપ્રિય બન્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત લોકો લખતાં, વાંચતાં કે સાક્ષર બને, નાગરિકોને પોતાના અધિકાર અને કર્તવ્યની અનુભૂતિ થાય તેમજ તે સામાજિક વિકાસનો આધાર પણ બને તેવા ઉમદા પ્રયાસો કરવામાં આવ્યાં છે. આજે ભારતમાં શિક્ષણના પૂરતા વ્યાપથી નાના અંતરિયાળ વિસ્તારનાં લોકો પણ શિક્ષણ સાથે જોડાતા થયા છે.

માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે ઉક્ત અભિયાન હેઠળ તા.૦૧-૦૯-૨૦૨૪ થી તા.૦૮-૦૯-૨૦૨૪ સુધી "વિશ્વ સાક્ષરતા સપ્તાહ" અને તા.૦૮-૦૯-૨૦૨૪ના રોજ "વિશ્વ સાક્ષરતા દિન"ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાં આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુપરવાઈઝરશ્રીઓ સુશ્રી પ્રભાબેન બુટાણી અને સુશ્રી અલ્પાબેન ડાંગર તેમજ કે.એ.ચાવડા, બી.કે.ભારાઈ, ડી.બી.પટેલ, રિદ્ધિબેન કાપડી અને હેતલબેન પડશાળા સહિતના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલ નિબંધ લેખન સ્પર્ધા, પ્લે કાર્ડ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા, સાઈકલ રેલી સહિતની જુદી જુદી પ્રવૃત્તિઓમાં બહોળી સંખ્યામાં સહભાગી થયેલ વિદ્યાર્થિનીઓને પુરષ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ તકે શાળા દ્વારા એક વિડીયો કિલપ પણ યુ ટ્યુબમાં અપલોડ કરવામાં આવી છે.

શાળાની આવી પ્રવૃત્તિઓને સંસ્થાના ચેરમેનશ્રી જે.કે.ઠેસિયા સાહેબ, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટરશ્રી સી.પી.રાણપરિયા સાહેબ સહિતના ટ્રસ્ટીશ્રીઓ, વિદ્યાગુરૂશ્રીઓ અને શાળા પરિવારે બિરદાવી હતી.

### મેળાની સુરક્ષા માટે પાંચ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત

# યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાની તૈયારીઓ પૂરજોશમાં

અમદાવાદ, તા.૧૦
યાત્રાધામ અંબાજી ખાતે ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન કરવામાં આવશે. અંબાજીમાં યોજાતા મહા કુંભ મેળામાં ઉત્તર ગુજરાત, મુંબઈ, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાંથી લાખો ભક્તો માતા અંબાના દર્શન કરવા આવે છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટને પદયાત્રીઓની ચિંતા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અહીં દર્શનાર્થે આવતા ભક્તો અંબાજીથી ૨૦ કિમી દૂર રહે છે. ખેરવા એટલે કે અંબાજી, દાંતા અને હડાદ પોલીસ સ્ટેશનની હદમાં કોઈપણ યાત્રાળુને સંડોવતા કોઈપણ દુર્ઘટનામાં જાન-માલની હાનિ સહિતની કમનસીબ ઘટનાના કિસ્સામાં વીમા કવચ ઉપલબ્ધ રહેશે.

યાત્રાધામ અંબાજી ખાતે આગામી ભાદરવી પૂનમ નિમિત્તે આ વીમા કવચ ૨૧ દિવસ માટે માન્ય રહેશે. આ પરિમાણમાં મુસાફરોને આવરી લેવા માટે અંબાજીથી ૨૦ કિ.મી. ખેરવા એટલે કે અંબાજી, દાંતા અને હડદડ પોલીસ સ્ટેશનની હદમાં કોઈપણ યાત્રાળુને અકસ્માતના કિસ્સામાં જાન-માલની હાનિ સહિતની કમનસીબ ઘટનાના કિસ્સામાં વીમા કવચ ઉપલબ્ધ રહેશે. મંદિર ટ્રસ્ટ દ્વારા ૧૪ થી ૧૫ લાખ રૂપિયાનું પ્રીમિયમ ચૂકવવામાં આવ્યું છે અને આ વીમો ૩ કરોડ રૂપિયા સુધીનો છે. અંબાજી મહામેળામાં ૩૦ લાખથી વધુ ભક્તો માતાજીના દર્શન કરવા આવે છે, પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મેળાની સુરક્ષા માટે પાંચ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટની સુરક્ષા પણ સંભાળશે. મેળાની સુરક્ષા માટે ૨૦ મહિલાઓની ટીમ સાથે ૩૩૨થી વધુ કેમેરા લગાવવામાં આવ્યા છે. પથિક સોફ્ટવેરમાં

### અકસ્માતની સ્થિતિમાં યાત્રીને ૩ લાખ રૂપિયાનો વીમા ક્લેમ મળશે

રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ જ ધાર્મિક વિદ્યાલયો અને હોટલોમાં રોકાતા યાત્રિકોને પ્રવેશની પરવાનગી મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા બચાવ કાર્ય યોજના તૈયાર કરવામાં આવી છે. વરસાદી મોસમને કારણે નદીના ડાઉનસ્ટ્રીમ વિસ્તારમાં કોઈ અકસ્માત ન થાય તે માટે સ્થાનિક તરવૈયાઓ અને NDRFની ટીમો તૈનાત કરવામાં આવી છે. અંબાજીના મહા કુંભ મેળામાં દર્શન, ભોજન, આરામ, પેકેજીંગ સહિતની સુવિધાઓ માટે ૨૬ સમિતિઓની રચના કરવામાં આવી છે. દરેકને તેમનું કામ સોંપવામાં આવ્યું છે, જે મેનેજમેન્ટ સિસ્ટમની દેખરેખ હેઠળ કામ કરશે. અત્યાર સુધીમાં અંબાજી મેળામાં વિવિધ જિલ્લાઓ અને રાજ્યોમાંથી ૨૫૧૬ યુનિયનો નોંધાયા છે. આધુનિક વ્યવસ્થા પણ કરવામાં આવી છે જેમાં મેળાની સંપૂર્ણ માહિતી બ્રોશર અને ક્યુઆર કોડ દ્વારા ઉપલબ્ધ થશે. મેળા દરમિયાન દર્શનનો સમય લંબાવવામાં આવ્યો છે. સવારે ૬ થી બપોરે ૧૨ વાગ્યા સુધી ભક્તો માતાજીના અવિરત દર્શન કરી શકશે. એલઈડી સ્ક્રીન અને પ્લાઝમા ટીવી પર મેળાનું સતત જીવંત પ્રસારણ થશે. આ ઉપરાંત મેળાની સુંદરતા માટે સાઉન્ડ સિસ્ટમ અને જાહેરાત માટે લાઈટિંગની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. પેસેન્જરો માટે પેકેજ, ભોજન, જોવાલાયક સ્થળો અને રજાઓ જેવી તમામ સુવિધાઓ જળવાઈ રહે તે રીતે આયોજન કરવામાં આવ્યું છે.

### અબુ ધાબીના યુવરાજની ભારત યાત્રામાં જાહેરાત

# ગુજરાતમાં ફૂડ પાર્ક બનાવવા પર સમજૂતી કરાર પર હસ્તાક્ષર

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મહત્વની ચર્ચા-વિચારણા કરવાની સાથે ચાર મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા

નવી દિલ્હી, તા.૧૦
અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન હાલ ભારતની મુલાકાતે છે. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મહત્વની ચર્ચા-વિચારણા કરવાની સાથે ચાર મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતી કરાર ઉપરાંત અબુધાબી અને ગુજરાત સરકાર વચ્ચે ગુજરાતમાં ફૂડ પાર્ક બનાવવા પર પણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કવામાં આવ્યા છે.

બંને દિગ્ગજ નેતાઓ વચ્ચે થયેલા હસ્તાક્ષરોમાં અબુધાબી નેશનલ ઑઈલ કંપની (ADNOC) અને ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) વચ્ચે લાંબા ગાળા માટે એલએનજી પુરવઠોનો સમજૂતી કરાર તેમજ એનડીએનઓસી અને ઈન્ડિયા સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ લિમિટેડ (ISPRL) વચ્ચેનો કરાર સામેલ છે. આ ઉપરાંત ગુજરાત સરકાર અને અબુધાબી ડેવલપમેન્ટ હોલ્ડિંગ કંપની PJSC વચ્ચે પણ ગુજરાતમાં ફૂડ પાર્ક બનાવવા અંગે સહમતી સધાવાની સાથે કરાર કરવામાં આવ્યો છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ અમીરાત પરમાણુ પાવર કંપની (ENEC) અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL) વચ્ચે પણ બારાકાહ પરમાણુ પાવર પ્લાન્ટના સંચાલન તેમજ મેઈન્ટેન્સ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. જ્યારે ચોથા સમજૂતી કરાર હેઠળ એનર્જી ઈન્ડિયા અને ADNOC વચ્ચે અબુ ધાબી ઓનશોર બ્લોક-વન માટે ઉત્પાદન કન્સેશન કરાર કરવામાં આવ્યો છે.

ભારત અને યુએઈ વચ્ચે થયેલા પાંચ સમજૂતી કરારની યાદી

ADNOC અને IOCL વચ્ચે લાંબા ગાળા માટે એલએનજી પુરવઠો પૂરો પાડવા માટેનો સમજૂતી કરાર

ADNOC અને ISPRL વચ્ચે કરાર

ENEC અને NPCIL વચ્ચે પણ બારાકાહ પરમાણુ પાવર પ્લાન્ટના સંચાલન તેમજ મેઈન્ટેન્સ માટે સમજૂતી કરાર

એનર્જી ઈન્ડિયા અને ADNOC વચ્ચે અબુ ધાબી ઓનશોર બ્લોક-વન માટે ઉત્પાદન કન્સેશનનો કરાર

ગુજરાત સરકાર અને PJSC વચ્ચે ગુજરાતમાં ફૂડ પાર્ક બનાવવા માટેનો કરાર

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટ કરી છે તેમાં લખ્યું છે, 'એક નજીકના મિત્રનું ઉષ્માભર્યું સ્વાગત. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનનું હૈદરાબાદ હાઉસમાં સ્વાગત કર્યું.'

ઉલ્લેખનીય છે કે, અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સત્તાવાર રીતે ભારતની મુલાકાતે આવ્યા છે. ક્રાઉન પ્રિન્સ તરીકે આ તેમની આ પહેલી ભારત મુલાકાત છે. ક્રાઉન પ્રિન્સ સાથે ેંછઈ સરકારના અનેક મંત્રીઓ અને એક વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે.

## પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને રાજકોટ જેલમાં ટ્રાન્સફર કરાયા

અમદાવાદ, તા.૧૦
એનડીપીએસ કેસમાં ૨૦ વર્ષ અને કસ્ટોડિયલ ડેથમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને રાજકોટ જેલમાં ટ્રાન્સફર કરાયા છે. તેઓને તા.૨ના પાલનપુર જેલથી રોજ રાજકોટ જેલમાં મોકલાયા છે.પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને પાલનપુર એડિશનલ એન્ડ સેશન્સ કોર્ટે એનડીપીએસ કેસમાં ૨૦ વર્ષની સજા ફટકારી હતી તેમજ ૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. જે કેસની વિગત એવી છે કે, વર્ષ ૧૯૯૬માં સંજીવ ભટ્ટ બનાસકાંઠા એસપી હતા ત્યારે તેમને પાલીના એડવોકેટ સુમેરસિંહને ૧.૧૫ કિલો અફીણ કેસમાં ધરપકડ કરી હતી.

# અંબાજીમાં ભક્તો માટે ૩ લાખ કિલો મોહનથાળનો પ્રસાદ બનાવ્યો

### અંબાજી આવતા યાત્રિકો મંદિરમાં અંબેના દર્શન કર્યા બાદ અચૂક માતાજીનો મોહનથાળનો પ્રસાદ લેવાનું ચૂકતા નથી

અમદાવાદ, તા.૧૦
અંબાજી ખાતે ભરાનારા ભાદરવી પૂનમના મેળાને હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા છે, જેમાં લાખોની સંખ્યામાં પદયાત્રીઓ અંબાજી ખાતે ઉમટી પડશે. અંબાજીના માર્ગો "બોલ મારી અંબે, જય જય અંબે" ના નાદથી ગુંજી ઉઠશે. અંબાજી આવતા યાત્રિકો મંદિરમાં અંબેના દર્શન કર્યા બાદ અચૂક માતાજીનો મોહનથાળનો પ્રસાદ લેવાનું ચૂકતા નથી. મોહનથાળનો પ્રસાદ અંબાજી મંદિરમાં વર્ષોથી વહેંચાતો આવ્યો છે. આ વખતના મેળા માટે પણ મંદિર ટ્રસ્ટ દ્વારા ત્રણ લાખ કિલો ઉપરાંત આ મોહનથાળનો પ્રસાદ તૈયાર કરાવી રહ્યા છે, જેના નાના-મોટા ૨૫ લાખ પ્રસાદના બોક્સ તૈયાર કરાશે. અંબાજી મંદિરમાં પણ પ્રસાદ લેવા માટે ભક્તોની લાઈન લાગે છે. ભક્તો માતાજીના પ્રસાદના એક નહીં અનેક પેકેટ યાત્રિકો સાથે લઈ જતા હોય છે અને યાત્રિકો દ્વારા એવું પણ જણાવાયું છે કે જો અંબાજી જઈએ "મોહનથાળનો પ્રસાદ ન લાવીએ તો યાત્રા અધૂરી ગણાય." મોટી સંખ્યામાં ભક્તો માના આ મોહનથાળના પ્રસાદનો લાભ લેતા હોય છે. એટલું જ નહીં, અંબાજી મંદિર સ્થાન ટ્રસ્ટ દ્વારા મોહનથાળના પ્રસાદની સાથે ચીકીનો પ્રસાદ પણ વેચાણમાં મુકેલો છે અને તે પણ યાત્રિકો ખરીદતા હોય છે. પણ મહત્વની બાબત તો એ છે કે યાત્રિકોની પ્રથમ પસંદગી મોહનથાળની હોય છે અને ત્યારબાદ એક સ્વાદ માટે કે પછી મંદિરમાં ચીકી વેચાતી હોય પ્રસાદ સ્વરૂપે ફરાળી ચીકી માનીને પ્રસાદ ગ્રહણ કરવામાં આવે છે. જ્યારે અમુક યાત્રિકો એવા પણ હોય છે કે તેમને માત્ર મોહનથાળ વેચાય છે તેવી જ ખબર છે, ચીકીથી તો હજી ભક્તો પણ અજાણ છે. અંબાજી મંદિરમાં વેચાતા ચીકી અને મોહનથાળના વેચાણ માટે અલગ અલગ સેન્ટર બનાવેલા છે. યાત્રિકો પ્રસાદ કેન્દ્રની બારી ઉપરથી ટોકન લઈ બીજી બારીએથી પ્રસાદ લેવાનો થાય છે. ૨૫ રૂપિયાનું નાનું પેકેટ અને ૫૦ રૂપિયાનું ૨૦૦ ગ્રામ વાળું મોટું પેકેટ યાત્રિકો ખરીદતા હોય છે. જ્યારે ચીકી પણ ૨૫ રૂપિયાની એક બોક્સ મળે છે. એક બોક્સમાં ચીકીના ચાર પીસ મુકેલા હોય છે. જ્યારે મોહનથાળનો પ્રસાદ જે બનાવાય છે, ત્યાંથી સીધો પ્લાસ્ટિકના બોક્સમાં પેક થઈ આવે છે. જે યાત્રિકોને નિયત કરાયેલા ભાવથી વેચાણ કરવામાં આવે છે. પ્રસાદ કેન્દ્ર ઉપર ચીકી વેચતા કર્મચારીનું જણાવવાનું એમ થાય છે કે "મોહનથાળ ખૂબ જૂનો, એ તો ને માની તો પ્રસાદ છે. અને ચીકીનો પ્રસાદ લોકો ફરાળી પ્રસાદ સ્વરૂપે ગ્રહણ કરતા હોય છે." જો તેના વેચાણની વાત કરીએ તો મોહનથાળ એક દિવસના ૪૫ હજાર જેટલા પેકેટ વેચાય છે.



મોંઘવારીના કારણે હવે તમારી ચા પર કાપ મુકવાનું શરૂ કરેલ છે !

# સેન્સર બોર્ડે કંગના રણૌતની ફિલ્મ 'ઈમરજન્સી'ને અમુક કટ સાથે મંજૂરી આપી, નેગેટિવ ક્વોટ્સ મુદ્દે તથ્યપૂર્ણ સ્ત્રોત રજૂ કરવા કહ્યું

નવી દિલ્હી, તા.૧૦

કંગના રણૌતની ફિલ્મ 'ઈમરજન્સી'ના વિવાદને કારણે તેની રિલીઝ અટકી ગઈ હતી અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (ઝમ્હ્ઢઝ)ની પરીક્ષણ સમિતિએ તેને 'UA' સર્ટિફિકેશન માટે મંજૂરી આપી હતી, તે એ શરતે આપવામાં આવી છે કે, ફિલ્મ નિર્માતાઓ અમુક કટ માટે સહમત થાય છે અને વિવાદાસ્પદ ઐતિહાસિક નિવેદનો માટે તથ્યના સ્ત્રોત પૂરા પાડશે. તેમાં યુએસ પ્રમુખ રિચાર્ડ નિકસનને ભારતીય મહિલાઓ પ્રત્યેના તેમના અપમાનજનક સંદર્ભો અને અન્ય વિન્સ્ટન ચર્ચિલને ભારતીયો 'સસલાંની જેમ સંવર્ધન' જેવા એક અવતરણનો સમાવેશ થાય છે. 'UA' પ્રમાણપત્રનો અર્થ છે કે, આ ફિલ્મ વાલીઓના માર્ગદર્શન સાથે જોવા માટે યોગ્ય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નિર્માતાઓએ ૮ જુલાઈના રોજ ફિલ્મને પ્રમાણપત્ર માટે સબમિટ કરી હતી. ૮ ઓગસ્ટના રોજ અકાલ તખ્ત અને શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ સહિત શીખ સંગઠનોએ આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની માગણી શરૂ કરી હતી. CBFCએ મણિકર્ણિકા ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડને પત્ર લખીને 'UA' સર્ટિફિકેશન માટે પરીક્ષણ સમિતિ દ્વારા જરૂરી ૧૦ 'એકસાઈઝન્સ/ઈન્સર્ટેશન/મોડિફિકેશન્સ'ની યાદી આપી હતી. આ કટ વચ્ચે સમિતિએ સૂચવ્યું હતું કે, ફિલ્મ નિર્માતાઓ બાંગ્લાદેશી શરણાર્થીઓ ઉપર હુમલો કરતા પાકિસ્તાની સૈનિકોને દર્શાવતા દૃશ્યમાં અમુક વિઝ્યુઅલ કાઢી નાખે અથવા બદલી નાખે અને ખાસ કરીને એક સૈનિક એક શિશુનું માથું તોડી નાખે છે અને અન્ય ત્રણ મહિલાઓનું માથું કાપી નાખે છે તે દૃશ્યો દૂર કરવા જોઈએ. વધુમાં આ ફિલ્મના નિર્માતાઓને ફિલ્મમાં એક નેતાના મૃત્યુના પ્રતિભાવમાં ભીડમાં કોઈ વ્યક્તિ દ્વારા પાડેલી બૂમો દૂર કરવા માટે કહેવામાં આવ્યું હતું. સમિતિએ એક લાઈનમાં ઉલ્લેખિત પરિવારની અટક બદલવા માટે પણ કહ્યું હતું. ફિલ્મ નિર્માતાઓને નિક્સનની ભૂમિકા ભજવતા અભિનેતા દ્વારા બોલવામાં આવતી લાઈન માટે 'તથ્યપૂર્ણ માહિતી' પ્રદાન કરવા માટે પણ કહેવામાં આવ્યું હતું, જેમાં ભારતીય મહિલાઓ તેમજ ચર્ચિલના અપમાનજનક સંદર્ભો હતા. વધુમાં CBFCએ બાંગ્લાદેશી શરણાર્થીઓ વિશેની માહિતી, કોર્ટના ચુકાદાઓની વિગતો અને 'ઓપરેશન બ્લુસ્ટાર'ના આર્કાઈવલ ફૂટેજના ઉપયોગ માટેની પરવાનગીઓ સહિત તમામ સંશોધન સંદર્ભો અને આંકડાકીય માહિતી માટે હકીકતલક્ષી સ્ત્રોતો રજૂ કરવાની વિનંતી કરી હતી.

CBFC તરફથી ૮ ઓગસ્ટના સંદેશાવ્યવહાર બાદ સૂત્રોએ જણાવ્યું હતું કે, ફિલ્મ નિર્માતાઓએ ૧૪ ઓગસ્ટના રોજ પ્રતિક્રિયા આપી હતી, તે જ દિવસે ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું હતું. એવું જાણવા મળે છે કે, નિર્માતાઓ એક કટ સિવાયના તમામ માટે સંમત થયા હતા અને બોર્ડ દ્વારા વિનંતી કરાયેલ માહિતી માટે સ્ત્રોતો પૂરા પાડ્યા હતા. અલગ શીખ રાજ્યના બદલામાં ઈન્દિરા ગાંધીની પાર્ટીને મત આપવાનું વચન આપતા અલગતાવાદી ખાલિસ્તાન ચળવળના નેતા જરનૈલસિંહ ભિંડરાનવાલેને દર્શાવતા ફિલ્મના ટ્રેલરને લીધે




તીવ્ર પ્રતિક્રિયાઓ આવી હતી. કેટલાક શીખ સંગઠનોએ સીબીએફસીને પત્ર લખ્યો હતો અને શીખોના ચિત્રણ અંગે ચિંતા દર્શાવીને ફિલ્મની રિલીઝને રોકવા માટે કોર્ટનો સંપર્ક પણ કર્યો હતો.

૨૯ ઓગસ્ટના રોજ ફિલ્મ નિર્માતાઓને એક ઈ-મેઈલ મળ્યો જેમાં જણાવ્યું હતું કે, ફિલ્મને UA પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે; જો કે, કોઈ

પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યું ન હતું, જેના કારણે તેમને બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કરવામાં આવ્યો હતો. કોર્ટમાં સીબીએફસીના વકીલે જણાવ્યું હતું કે, ફિલ્મ નિર્માતાઓના ૧૪ ઓગસ્ટના પ્રતિભાવની સમીક્ષા કરવા માટે બીજી બેઠક યોજવાની હતી અને તે સમિતિએ હજુ સુધી બેઠક બોલાવી નથી. તેથી પ્રતિભાવની સમીક્ષા કર્યા વિના પ્રમાણપત્ર જારી કરી શકાતું નથી. કોર્ટે હવે બોર્ડને ૧૮ સપ્ટેમ્બર સુધીમાં પ્રમાણપત્ર અંગે નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે. રણૌતે X (ટ્વિટર) ઉપર જાહેરાત કરી હતી કે, તેની ફિલ્મની રિલીઝ જે મૂળ ૬ સપ્ટેમ્બરે નિર્ધારિત હતી, તે CBFC પ્રમાણપત્રને લીધે વિલંબિત થઈ છે. ભારે હૃદય સાથે હું જાહેરાત કરૂં છું કે, મારી ફિલ્મ ઈમરજન્સીની રિલીઝ મુલતવી રાખવામાં આવી છે. અમે હજુ સેન્સર બોર્ડ તરફથી પ્રમાણપત્રની રાહ જોઈ રહ્યા છીએ. નવી રિલીઝ તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. તમારા ધૈર્ય બદલ આભાર.

ફિલ્મની વાર્તા અભિનેત્રી દ્વારા લખવામાં આવી છે અને તેની પટકથા રિતેશ શાહે લખી છે. તેમાં અનુપમ ખેર, શ્રેયસ તલપડે, મહિમા ચૌધરી અને સ્વ. સતીશ કૌશિક પણ છે. કંગના રણૌત ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવે છે.

# આરોગ્યકર્મીઓના રક્ષણ માટે અલગ કાયદો લાવવાની કોઈ વિચારણા નથી : કેન્દ્રની ચોખવટ

## કેરાલાના તબીબ અને સામાજિક ચળવળકાર દ્વારા થયેલી RTIના જવાબમાં સરકારે નવા કાયદાનો વિચાર થઈ રહ્યાનું નકાર્યું

નવી દિલ્હી, તા.૧૦

ડોકટરો અને આરોગ્ય ક્ષેત્રના કર્મચારીઓના રક્ષણ માટે અને આરોગ્ય વ્યવસાય સાથે જોડાયેલા તમામના રક્ષણ ખાતર અલગ કાયદો લાવવાની હાલ કોઈ યોજના ન હોવાની કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી છે. સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે, હાલ કોઈ અલગ કેન્દ્રીય કાયદો ઘડવામાં નહીં આવે. અત્યારે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સહિત વિવિધ તબીબી સંઘો દ્વારા અને ડોકટરો દ્વારા હિંસા અને હુમલા સામે ડોકટરોના રક્ષણ માટે અલગ કેન્દ્રીય સુરક્ષા કાયદો ઘડવાની માંગણી સાથે દેશ વ્યાપી આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે ૨૦૧૯માં તૈયાર કરવામાં આવેલા નવા કાયદાના મુસદ્દા અને એ પછી એ મુસદ્દાને રદ કરવામાં આવ્યો એ વિશે સરકારે આજે મહત્ત્વની ચોખવટ કરી છે. કેરાલાના તબીબ અને આરોગ્ય બાબતોના ચળવળ કે.વી. બાબુએ આરટીઆઈ કરી હતી અને સૂચિત નવા કાયદાના મુસદ્દાનું શું થયું એ વિશે સરકાર પાસેથી માહિતી માંગી હતી. એ મુસદ્દાની નકલ અને સપ્ટેમ્બર ૨૦૧૯થી ઓગસ્ટ ૧૭, ૨૦૨૪ વચ્ચે રાજ્યના આરોગ્ય મંત્રાલયો તેમજ વડાપ્રધાન કાર્યાલય વચ્ચે થયેલા સંદેશા વ્યવહારની નકલો તેમજ સુધારેલા કાયદાની નકલ અને ફાઈલ ઉપરની નોંધની નકલ પણ આરટીઆઈમાં માંગવામાં આવી હતી. આરટીઆઈના જવાબમાં કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા દર્શાવવામાં આવ્યું હતું કે, આરોગ્ય સેવાઓ કર્મચારી એવો અને તબીબી સંસ્થાઓ (હિંસા તેમજ મિલકતને નુકસાન પ્રતિરોધક) વિધેયક ૨૦૧૯નો મુસદો તૈયાર કરવામાં આવ્યો હતો. એ સમયે કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ખરડો તૈયાર કરવામાં આવ્યો હતો અને મસલતો માટે તથા સૂચનો માટે રાજ્યોને પણ મોકલવામાં આવ્યો હતો. ચર્ચા થયા બાદ ડોકટરો અને અન્ય આરોગ્ય વ્યવસાયિકો અને હિંસા સામે રક્ષણ આપવા માટે અલગ કાયદો ન ઘડવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મંત્રાલય દ્વારા એવું પણ કહેવામાં આવ્યું હતું કે, આરટીઆઈમાં જે બીજી અને ત્રીજી માહિતી માંગવામાં આવી છે એ આરટીઆઈ કાયદા ૨૦૦૫ની કલમ ૮(૧) આ મુજબ આપી શકાય નહીં. એ માહિતી આ કાયદાના પરિઘમાંથી મુક્ત છે. ડોક્ટર બાબુએ અગાઉ પણ ત્રણ વખત માહિતી માંગી હતી તેમણે કહ્યું હતું કે, તબીબી વ્યવસાય માટે અલગ રક્ષણનો કાયદો ઘડવા માટેની માંગણી લાંબા સમયથી થઈ રહી છે અને રાષ્ટ્રવ્યાપી આંદોલન અત્યારે તબીબો ચલાવી રહ્યા છે ત્યારે સરકારને શું ઈરાદા છે એ તેના જવાબ ઉપરથી સ્પષ્ટ બને છે. આઈએમએના રાષ્ટ્રીય પ્રમુખ ડોક્ટર આર.વી. અસોકને જણાવ્યું હતું કે, સરકારના વલણથી અમે ના હિંમત થવાના નથી અને અમે કેન્દ્રીય કાયદો માટેનો અમારો સંઘર્ષ ચાલુ રાખશું. આગામી સપ્તાહમાં અમે સુપ્રીમ કોર્ટમાં એક અરજી પણ દાખલ કરશું.

# વરસાદી સિસ્ટમ નબળી પડી : આગામી સાત દિવસ રાજ્યભરમાં વરસાદનું જોર ઘટશે

અમદાવાદ, તા.૧૦

તાજેતરમાં રાજ્યમાં વરસાદે ભારે તારાજી સર્જી હતી. જોકે હવે વરસાદનું જોર ઘટશે. વરસાદી સિસ્ટમ નબળી પડવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યભરમાં વરસાદી સિસ્ટમ નબળી થતાં અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદની તીવ્રતા ખૂબ જ હળવી થઈ છે. જોકે, હવામાન વિભાગે અરવલ્લી, મહીસાગર, દાહોદ, સાબરકાંઠા, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતાને આધારે યલો એલર્ટ જાહેર કર્યું છે. વરસાદી સિસ્ટમ ન હોવાથી તીવ્રતા ઘટશે. જોકે ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી હતી. અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસથી તડકો પણ નીકળતાં તાપમાનમાં વધારો થયો હોય તેમ અનુભવાય છે, પરંતુ હજુ પણ શહેરમાં સામાન્ય કરતાં એક ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઓછું નોંધાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસાની ઋતુમાં વાતાવરણમાં ભેજ રહે છે અને સૂર્યના કિરણોને કારણે આ ભેજ વરાળ સ્વરૂપે વાતાવરણમાં રહેતા બફરાનો અનુભવ થશે, તેની સાથે જ તડકો રહેવાથી ગરમીનો પણ અનુભવ થશે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતાને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગ દ્વારા અરવલ્લી, મહીસાગર, દાહોદ, સાબરકાંઠા, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતાને આધારે યલો એલર્ટ જાહેર કર્યું છે. આ સિવાય રાજ્યના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે, પરંતુ તેની શક્યતા ખૂબ જ ઓછા પ્રમાણમાં છે. ઉલ્લેખનીય છે કે, આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લાઓમાં વરસાદની શક્યતા નહીંવત પ્રમાણમાં છે, જ્યારે ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ક્યાંક હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે. ત્યારબાદ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ રાજ્યભરમાં ક્યાંક હળવું વરસાદી ઝાપટું વરસી શકે તેવી આગાહી છે, એટલે કે આગામી સાત દિવસ રાજ્યભરમાં વરસાદનું જોર ઓછું રહેશે.

# બાંગ્લાદેશમાં શેખ હસીના ઉપર સામૂહિક હત્યા માટે ટ્રાયલ ચલાવવામાં આવશે : ભારતને પ્રત્યાર્પણની વિનંતી કરશે



ઢાકા, તા.૧૦

બાંગ્લાદેશે નરસંહાર અને સામૂહિક હત્યાના આરોપો માટે ટ્રાયલ ચલાવવા માટે ભારત પાસેથી પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાનું પ્રત્યાર્પણ કરવાની યોજના જાહેર કરી છે. સરકાર વિરોધી વિરોધના કારણે હસીનાએ રાજીનામું આપ્યું અને પાંચ ઓગસ્ટે ભારત આવી ગયા હતા. તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં બાંગ્લાદેશના ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ (ICT)ના નવનિયુક્ત મુખ્ય ફરિયાદી મોહમ્મદ તાજુલ ઈસ્લામે ભારત સાથેની હાલની પ્રત્યાર્પણ સંધિ હેઠળ હસીનાને પરત કરવાની વિનંતી કરવાનો દેશનો ઈરાદો જાહેર કર્યો હતો. ઈસ્લામે પુષ્ટિ કરી હતી કે, બાંગ્લાદેશી સત્તાધિકારીઓ ICTમાં એક અરજી દાખલ કરશે અને હસીના અને અન્ય ફરાર શંકાસ્પદો માટે ધરપકડ વોરંટની માંગ કરશે. તેમણે કહ્યું કે, અમે આંતરરાષ્ટ્રીય અપરાધ ટ્રિબ્યુનલમાં અરજી દાખલ કરીશું અને સામૂહિક હત્યા અને માનવતા વિરૂધ્ધના અપરાધોના કેસોનધ્ સંબંધમાં શેખ હસીના સહિત તમામ ફરાર આરોપીઓ સામે ધરપકડ વોરંટ જારી કરવા વિનંતી કરશે. ૧૯૭૧ના નરસંહાર માટે પાકિસ્તાની આર્મીના સમર્થકો સામે કેસ ચલાવવા માટે ૨૦૦૯માં હસીના દ્વારા ICTની સ્થાપના કરવામાં આવી હતી. તેમાં નવા ન્યાયાધીશો અને તપાસકર્તાઓ સાથે તેની પુર્નઃ રચના કરવાની જરૂર પડશે. નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકારની રચના બાદ અગાઉના અધિકારીઓના રાજીનામા લઈ લેવામાં આવ્યા છે. વચગાળાની સરકારના આરોગ્ય સલાહકાર, નૂરજહાં બેગમે અહેવાલ આપ્યો હતો કે, હસીનાના વહીવટ સામે વિરોધ પ્રદર્શન દરમ્યાન ૧૦૦૦થી વધુ લોકો માર્યા ગયા અને સેંકડો ઘાયલ થયા હતા. ગયા મહિને ICTએ ૧૫ જુલાઈ અને પાંચ ઓગસ્ટ વચ્ચે ફાટી નીકળેલી હિંસા સંબંધિત નરસંહાર અને માનવતા વિરૂધ્ધનધ્ અપરાધોના આરોપમાં હસીના અને અન્ય નવ સામે તપાસ શરૂ કરી હતી. ઈસ્લામે સ્વીકાર્યું કે, આરોપીઓ સામે પુરાવા એકત્ર કરવા અને રજૂ કરવા એ એક મહત્ત્વપૂર્ણ અને પડકારજનક કાર્ય હશે. બાંગ્લાદેશ કથિત અત્યાચારો માટે ન્યાય માંગે છે. ICTના સુધારા અને નવી કાર્યવાહી જટિલ હોવાની અપેક્ષા છે.

# નકલી ડોક્ટરે YouTube ઉપર જોઈને સર્જરી કરતા બિહારના ૧૫ વર્ષના છોકરાનું નિધન

(એજન્સી) તા.૧૦

જ્યાં એક તરફ સરકાર બિહારમાં આરોગ્ય સેવાઓ સુધારવા માટે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો ખોલી રહી છે, તો બીજી તરફ નકલી ડોક્ટરોની ચુંગાલમાં ફસાઈને લોકો પોતાનો અથવા તેમના પરિવારના સભ્યોનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે. આવો જ એક કિસ્સો સારણ જિલ્લામાંથી સામે આવ્યો છે. અહીં નકલી ડોક્ટરના કારણે એક માસૂમ બાળકે જીવ ગુમાવ્યો હતો. વાસ્તવમાં મધૌરા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ભુવાલપુર ગામના રહેવાસી ચંદન સાહના ૧૫ વર્ષના પુત્ર ગોલુને પેટમાં દુઃખાવો થતો હતો. તેના ઉપર પિતા ચંદન સાહ તેને ગડખા મોતીરાજપુર ધર્મબાગી સ્થિત ગણપતિ સેવા સદનના ડોક્ટર અજીત કુમાર ગીરી પાસે લઈ ગયા. તેને કહ્યું કે ગોલુને પથરી છે અને તેનું ઓપરેશન કરવું પડશે. પીડિતાના પિતા પણ તેમની વાત માની ગયા અને ગોલુને ઓપરેશન માટે ત્યાં દાખલ કરાવ્યો. અજીત કુમાર ગિરી યુટ્યુબ ઉપરથી જોયા બાદ કિશોરની કિડનીની પથરીનું ઓપરેશન કરી રહ્યો હતો. આ દરમ્યાન દર્દીની હાલત ખરાબ થવા લાગી. અજિત ગિરી ઉતાવળમાં દર્દીને પોતાની એમ્બ્યુલન્સમાં પટના લઈ ગયા, પરંતુ રસ્તામાં જ તેનું મોત થઈ ગયું. આ ઘટના બાદ પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. ગણપતિ સેવા સદનના સંચાલક અને તેનો સ્ટાફ રસ્તામાં જ ભાગી ગયો હતો. આ પછી પરિવારજનો મૃતદેહ લઈને રડતા રડતા નર્સિંગ હોમ પહોંચ્યા અને પછી હંગામો મચાવવા લાગ્યા. પરિવારજનોએ હવે નકલી ડોક્ટર વિરૂદ્ધ ગડખા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો છે.

# ઉત્તર રેલવેએ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાને ફરજમુક્ત કરવા પ્રક્રિયા શરૂ કરી

(એજન્સી) તા.૧૦


રેલવે સૂત્રોએ રવિવાર, ૮ સપ્ટેમ્બરના રોજ જણાવ્યું હતું કે, ઉત્તર રેલવેએ કુસ્તીબાજો વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાના રાજીનામાને સ્વીકારવાની પ્રક્રિયા શરૂ કરી છે, બંને ખેલાડીઓને 'શક્ય તેટલી વહેલી તકે' ફરજમુક્ત કરવામાં આવે તેવી અપેક્ષા છે. પુનિયા અને ફોગાટ બંને તાજેતરમાં કોંગ્રેસમાં જોડાયા હતા અને બાદમાં ફોગાટને હરિયાણાના જુલાના વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડવા માટે ટિકિટ આપવામાં આવી છે. રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે, 'રેલવે કર્મચારી દ્વારા રાજીનામું આપ્યા પછી ત્રણ મહિનાની નોટિસ પીરિયડની જોગવાઈ આ બે ખેલાડીઓને રાહત આપવાના માર્ગમાં આવશે નહીં કારણ કે, અમે તેમના કેસોમાં ધોરણને હળવા કરવાનો નિર્ણય કર્યો છે.' રેલવે સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને ખેલાડીઓને 'સંભવતઃ આજે અથવા શક્ય તેટલી વહેલી તકે ફરજમુક્ત કરવામાં આવશે.' ઉત્તર રેલવે (NR)એ અગાઉ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને તેમની પાર્ટીમાં જોડાવા માટે મળ્યા પછી તેમને કારણ બતાવો નોટિસ જારી કરી હતી. NRએ કહ્યું હતું કે, કારણ બતાવો નોટિસ સેવાના ધોરણનો એક ભાગ છે કારણ કે, તેઓ સરકારી કર્મચારી હતા. નોટિસ બાદ બંનેએ રેલવેમાંથી રાજીનામું આપી દીધું હતું. અટકળો ચાલી રહી હતી કે, ફોગાટ ત્રણ મહિનાના નોટિસ પીરિયડના ધોરણને ધ્યાનમાં રાખીને ચૂંટણી લડી શકશે નહીં. ચૂંટણીના નિયમો અનુસાર ચૂંટણી લડવા માટે લાયક બનવા માટે તેને રેલવેમાંથી સત્તાવાર રીતે ફરજમુક્તિ મેળવવી જરૂરી છે. ઉત્તર રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે, હવે રેલવેએ તેનું રાજીનામું સ્વીકારવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હોવાથી તેની ચૂંટણી લડવામાં કોઈ અવરોધ નથી.

# બાબરની કેપ્ટનશીપ ફરીથી છીનવાશે

નવી દિલ્હી, તા.૧૦

પાકિસ્તાનની ક્રિકેટ ટીમ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. બાંગ્લાદેશ સામે ટેસ્ટ સિરીઝ હાર્યા બાદ કેપ્ટનશીપમાં ફેરફારની ચર્ચાએ જોર પકડ્યું છે. હાલ વન-ડે અને ટી-૨૦માં બાબર આઝમ તો ટેસ્ટમાં શાન મસુદ ટીમનો કપ્તાન છે. ગત વર્ષ વન-ડે વર્લ્ડકપ પહેલા સુધી બાબર ત્રણેય ફોર્મેટમાં કપ્તાન હતો. ટુર્નામેન્ટમાં ટીમના ખરાબ પ્રદર્શન બાદ તેને હટાવી દેવાયો હતો. ટી-૨૦ વર્લ્ડકપ પહેલા શાહીનને હટાવી બાબરને ફરીથી કપ્તાન બનાવી દેવાયો હતો. બાંગ્લાદેશ વિરૂદ્ધ પહેલીવાર ટેસ્ટ મેચ અને સિરીઝ હાર્યા બાદ પાકિસ્તાનની ઘણી ટીકા થઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાનની ટીમ ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહી છે. આ જ કારણ છે કે પાકિસ્તાન ટીમમાં એકવાર ફરી ફેરફારની તૈયારી ચાલી રહી છે. રિપોર્ટ અનુસાર મોહંમદ રિઝવાન ત્રણેય ફોર્મેટમાં કપ્તાન બની શકે છે. આવામાં ટેસ્ટ કપ્તાન શાન મસુદ સાથે બાબર આઝમની કેપ્ટનશીપ પણ છીનવાઈ જશે. બાંગ્લાદેશ સામેની હાર પહેલા વન-ડે અને ટી-૨૦ વર્લ્ડકપમાં પાકિસ્તાનને ક્રમશઃ અફઘાનિસ્તાન અને અમેરિકા સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. છેલ્લા ત્રણ વર્ષમાં પાકિસ્તાનનો ઘરેલુ ટેસ્ટ રેકોર્ડ પણ ખરાબ રહ્યો છે. આ દરમ્યાન તેને ૬ હાર અને ચાર ડ્રોનો સામનો કરવો પડ્યો છે. એમાં ૨૦૨૨માં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ થયેલી ૩-૦ની ટેસ્ટ સિરીઝ હાર પણ સામેલ છે. પાકિસ્તાનનો હવે પોતાના ઘરમાં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝ રમવાની છે. આ સિરીઝ ૭ ઓકટોબરથી મુલતાનમાં શરૂ થશે.

# જળ સંચય એ માત્ર એક યોજના નથી, તે માનવતા અને પુણ્યનું પણ મહાન કાર્ય છે : પીએમ મોદી



સુરત, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના સુરતમાં વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા વોટર હાર્વેસ્ટિંગ પબ્લિક પાર્ટિસિપેશન ઈનિશિયેટિવની શરૂઆત કરી હતી અને તેના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ભારતમાં લોકભાગીદારી અને જન આંદોલન દ્વારા જળ સંરક્ષણ અને પ્રકૃતિ સંરક્ષણનું અનોખું અભિયાન ચાલી રહ્યું છે. અમે તેને લોન્ચ કરીને ખુશ છીએ. વડા પ્રધાને કહ્યું કે તાજેતરમાં દેશના ઘણા ભાગોમાં વરસાદને કારણે ભારે તબાહી થઈ છે. દેશનો ભાગ્યે જ કોઈ એવો વિસ્તાર હશે કે જેને આ સમસ્યાનો સામનો ન કરવો પડ્યો હોય. પરંતુ આ વખતે ગુજરાત એક મોટા સંકટથી ઘેરાયેલું હતું. પીએમ મોદીએ કહ્યું કે હું ઘણા વર્ષો સુધી ગુજરાતનો મુખ્યમંત્રી હતો પરંતુ મેં આટલા બધા તાલુકાઓમાં એક સાથે આટલો ભારે વરસાદ ક્યારેય સાંભળ્યો નથી કે જોયો નથી. તેમણે કહ્યું કે, ગુજરાતના લોકોનો પોતાનો સ્વભાવ છે. આપણા દેશના લોકો એટલા સક્ષમ છે કે સંકટના સમયે દરેક વ્યક્તિ ખભે ખભા મિલાવીને એકબીજાની મદદ કરે છે. તેમણે કહ્યું કે આજે પણ દેશના ઘણા ભાગો એવા છે જે વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. આ સાથે વડાપ્રધાન મોદીએ વોટર હાર્વેસ્ટિંગના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે જળ સંચય એ માત્ર એક યોજના નથી. આ એક પ્રયાસ છે અને પુણ્ય કાર્ય પણ છે. વડાપ્રધાને કહ્યું કે આ મિશનમાં ઉદારતા અને જવાબદારી બંને છે. આ માત્ર સંસાધનોનો પ્રશ્ન નથી, પરંતુ જીવન અને માનવતાના ભવિષ્યનો પ્રશ્ન છે. પીએમ મોદીએ કહ્યું કે રિપોર્ટ દર્શાવે છે કે જલ જીવન મિશન દ્વારા ૧.૨૫ લાખથી વધુ બાળકોના અકાળે મૃત્યુને રોકી શકાય છે. અમે દર વર્ષે ૪ લાખથી વધુ લોકોને ઝાડા જેવા રોગોથી બચાવી શકીશું. આ સાથે વડાપ્રધાન મોદીએ એમ પણ કહ્યું કે, મેં દેશવાસીઓને પર્યાવરણની સુરક્ષા માટે 'માતાના નામે એક વૃક્ષ' વાવવાની અપીલ કરી છે. જ્યારે વૃક્ષો વાવવામાં આવે છે ત્યારે ભૂગર્ભજળનું સ્તર પણ ઝડપથી વધે છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં આ અભિયાન હેઠળ દેશમાં કરોડો વૃક્ષો વાવવામાં આવ્યા છે.

# મકાઈના ઊભા પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન અંગે જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ



જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે મકાઈના ઊભા પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન અંગે લેવાના પગલાં જે અનુસાર, મકાઈના પાકમાં કાતરાના ઉપદ્રવ નિયંત્રણ માટે ખેતરમાં પ્રકાશ પિંજર ગોઠવવા. મકાઈમાં કાતરા, ગાભમારાની ઈયળ, લશ્કરી ઈયળ, લીલી ઈયળ, મોલો, તીતીઘોડા જેવી જીવાતોના ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીના મીંજનો ભૂકો અથવા લીમડાના પાન ૫૦૦ ગ્રામ (૫%) અર્ક ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. કાતરાનો વધુ ઉપદ્રવ થયેલી ઈન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઈસી ૧૦ મિ.લી. અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે પાકના ઉગાવા બાદ ૭ દિવસે ટ્રાયકોગ્રામ ચીલોનીસ નામના પરજીવી ૧ લાખ પ્રતિ હેક્ટરે છોડવાથી તેમજ વાવણી બાદ ૨૦ થી ૨૫ દિવસે ૧.૫% ભૂકીરૂપે અથવા કાર્બોક્યુરાન 3S ૮ થી ૧૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટરે છોડની ભૂંગળીમાં આપવી અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી ૨૦ થી ૨૫ દિવસે છંટકાવ કરવો. જરૂર જણાય તો ફરીથી ગમે તે એક પીટનાશક ૨૦ થી ૨૫ દિવસે છાંટવી

લશ્કરી ઈયળની પ્રથમ પેઢી જુલાઈ ઓગસ્ટ માસમાં જોવા મળે છે તે સમયે વિનાઈલ ફોર્સ ૧.૫% ભૂકી વેક્ટર ૨૫ ાક્ષ પ્રમાણે સાંજના સમયે છાંટવી જેથી સપ્ટેમ્બર ઓક્ટોબરમાં તેની બીજી ત્રીજી પેઢીનો વિકાસ અટકાવી શકાય ખેતરમાં થોડા થોડા અંતરે સૂકા પાન અથવા ઘાસની નાની ઢગલીઓ કરવી જેથી ઈયળો તેની નીચે સંતાઈ રહે છે આ ઈયળોને સવારે વીણી લઈ તેનો નાશ કરવો. મકાઈના ઉભા પાકમાં મોલોના નિયંત્રણ માટે ખેતરમાં દાળિયા અને ક્રાયસોપા જીવાત ની વસ્તી વધારવી જે આ જીવાતનું ભક્ષણ કરે છે. વર્ટિસિલિયમ લેકાની નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. વધુ જણાય તો ડાયમિથોએએટ ૩૦ ઈસી ૧૦ મિ.લી. અથવા ઈમીડાકલોપ્રિડ ૧૭.૮ એસએલ ૪ મી.લી. અથવા થાયોમેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ પૈકી કોઈ પણ એક પીટનાશક ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

તીતીઘોડાના નિયંત્રણ માટે શેઢા-પાળા સાફસૂફ રાખવા જેથી બચ્ચાનું સહેલાઈથી નિયંત્રણ કરી શકાય તેમ જ શરૂઆતમાં સેઢા-પાળા પર ક્વિનાલફોસ ૧.૫% ભૂકી અથવા કલોરપાયરીફોસ ૧૫% ભૂકી છાંટવી જેથી બચ્ચા નાશ પામશે. ખેતરમાં ઉભા પાકમાં ઉપદ્રવ જણાય તો હેક્ટરે ૨૫ કિલોગ્રામ પ્રમાણે ક્વિનાલફોસ ૧.૫% અથવા ક્લોરોપાયરીફોસ ૧.૫% ભૂકીરૂપ કિટનાશક અથવા મેલાથીયોન ૫૦ ઈસી ૧૦મી.લી. અથવા ક્વિનાલફોસ ૨૫ ઈસી ૨૦ મી.લી. ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવો.

લીલી ઈયળના સંકલિત વ્યવસ્થાપન માટે મકાઈના ડોડા દુધિયા દાણા અવસ્થાએ હોય ત્યારે રાત્રિના સમયે પ્રતિ હેક્ટરે એક પ્રકાશ પિંજર ગોઠવવું તેમ જ હેક્ટર દીઠ ૨૦ ફેરોમોન ટ્રેપ ગોઠવવા જેથી નર ફૂદાં તેમાં આકર્ષાઈને નાશ પામે છે. ન્યુક્લિયર પોલી હેડ્રોસીસ વાયરસ (એનપીવી)નું ૨૫૦ ઈયળ આક (લાર્વલ યુનિટ) દ્રાવણ ૫૦૦ લિટર પાણીમાં ભેળવી એક હેક્ટર વિસ્તારમાં વહેલી સવારે અથવા સાંજના સમયે છંટકાવ કરવો ઉપદ્રવની શરૂઆત થઈ અને ત્યારબાદ દર પાંચ દિવસે ૨ થી ૩ છંટકાવ કરવા જૈવિક નિયંત્રણ માટે બેસીલસ થુરીન્જીન્સીસ નામના જીવાણુ નો પાવડર ૧૦ ગ્રામ અથવા બીવેરીયા બેસીયાના નામની ફૂગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. લશ્કરી ઈયળ અને લીલી ઈયળ નો ઉપદ્રવ જણાય તો ક્વિનાલફોસ ૨૫ ઈસી અથવા ક્લોરોપાયરીફોસ ૨૦ઈસી ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવો

વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે આપવામાં આવેલ ડોઝ ને જે તે રોગ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક વિસ્તરણ, નાયબ ખેતી નિયામક તાલીમ નો સંપર્ક કરવો તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત જૂનાગઢ દ્વારા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# દેવભૂમિ જિલ્લામાં ભારે વરસાદના પાંચ દિવસમાં ૫,૦૦૦ થી વધુ પશુઓની સારવાર કરાઈ





## અતિવૃષ્ટિમાં એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ ની ટીમ સતત દોડતી રહી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થોડા દિવસો પૂર્વે વરસેલા અતિ ભારે વરસાદના કારણે અનેક વિસ્તારો પૂર અસરગ્રસ્ત બન્યા હતા. ત્યારે અબોલ જીવોની પણ સ્થાનિક પ્રશાસન દ્વારા કાળજી લેવામાં આવી હતી. જિલ્લાનું પશુધન સુરક્ષિત રહે તે માટે અવિરત પ્રયાસો કરાયા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે માનવીની સાથે સાથે અબોલ પશુ-પક્ષીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા. આ આપત્તિના સમયમાં પશુઓ હેમખેમ રહે તે માટે ૧૯૬૨ એમ્બ્યુલન્સ અબોલ પશુઓની સેવામાં સતત દોડતી રહી હતી. આ અંગે ૧૯૬૨ ના પ્રોગ્રામ મેનેજર ડો. સોએબ ખાન અને પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર મનોજ ચૌહાણએ જણાવ્યું હતું કે સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૯૬૨ એમ્બ્યુલન્સના ફરતા દવાખાના દ્વારા ગામે ગામ પહોંચીને વરસતા વરસાદમાં કુલ ૫૯૦૦ જેટલા અબોલા પશુઓની સારવાર કરાઈ હતી. આ આપદાની પરિસ્થિતિમાં તાત્કાલિક મદદ માટે પહોંચેલી ૧૯૬૨ એમ્બ્યુલન્સ અનેક પશુઓ માટે જીવો દોરી સમાન સાબિત થઈ હતી. ભારે વરસાદના કારણે અનેક ગામોમાં પશુઓ ઘાયલ અથવા બીમાર થયા હતા. ત્યારે ૧૯૬૨ એમ્બ્યુલન્સને પશુઓની સારવાર અંગેના સતત કોલ મળ્યા હતા ત્યારે ૧૯૬૨ ના કર્મચારીઓએ પણ કામગીરી પ્રત્યે તત્પરતા દાખવીને રાત દિવસ ગામેગામ સારવાર અને મુલાકાત ચાલુ રાખી અને તા. ૩૧ ઓગસ્ટથી લઈ ૭ સપ્ટેમ્બર દરમિયાન માત્ર આઠ દિવસના ગાળામાં જિલ્લાના વિવિધ ગામોમાં ૩૧૧ થી વધુ વખત પશુઓની સારવાર માટે પહોંચી અને વિકટ પરિસ્થિતિમાં પશુઓને યોગ્ય સારવાર કરી, નવજીવન આપવામાં આવ્યું હતું.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની જિલ્લા કક્ષાની યોગાસન ચેમ્પિયનશિપ દ્વારકામાં થઈ સફળ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦





જી.વાય.એસ.એ જનરલ સેક્રેટરી ઉમંગસર ડોનના માર્ગદર્શન હેઠળ ડી.વાય.એસ.એ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાની જિલ્લા કક્ષાની યોગાસના સ્પર્ધાનું ગઈકાલે દ્વારકામાં સનાતન સેવા મંડળ ભાસ્કર આચાર્ય વિજ્ઞાન હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ, ઓખા નગરપાલિકા ચીફ ઓફિસર શુક્લાસર, ઓખા નગરપાલિકા એન્જિનિયર સંજયભાઈ સિંતરે, ચાણક્ય સ્કૂલ રાજકોટના જનકભાઈ ચાવડા દ્વારા ઈવેન્ટ સ્પોન્સરશીપ આપવામાં આવી હતી. ડી.વાય.એસ.એ કોઓર્ડીનેટર લખનભાઈ વારોતરીયા, ઈવેન્ટ આયોજકો ગિરધરભાઈ જોશી, સન્નીભાઈ પુરોહિત, કરણભાઈ બેરા વગેરેની પ્રશંસનીય કામગીરી રહી હતી. દ્વારકા યોગગુરૂ કિશોરભાઈ પાઢ ઉર્ફે ગાંધી, શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ શિક્ષણ મંત્રી અજીતભાઈ પાઢ, યોગ બોર્ડ અંતર્ગત દ્વારકાના ધનાભા જડિયા, રેશ્માબેન ગોકાણી, માધવી ખાણધર, હેતલ કંડોરીયા, મધુબેન લગારીયા, શીતલબેન મંગેરા, પૂર્વાબેન ઉપાધ્યાય, આરતીબેન જોશી, આયુષી દંગી, પરાગભાઈ કણજારીયા વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. યોગાસન ક્ષેત્રે ભારતનું ૫ વખત આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પ્રતિનિધિત્વ કરનાર ડો.ભારતીબેન સોલંકી(મિસ વર્લ્ડ યોગીની)ની ઉપસ્થિતિથી ખેલાડીઓના જોશ અને જુસ્સામાં વધારો થયો હતો.

સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ ગિરધરભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૦ વર્ષથી ૫૫ વર્ષ સુધીના ખેલાડીઓએ સબ જુનિયર, જુનિયર, સિનિયર, સિનિયર A, સિનિયર B તેમજ સિનિયર C કેટેગરીમાં ભાગ લીધો હતો. દ્વારકા જિલ્લાની આ કોમ્પિટિશનમાં અગત્સ્ય ગર્લ્સ સ્કૂલ ખંભાળિયા, કેજીબીવી હોસ્ટેલ દ્વારકા, વિરમભા આશાભા માણેક હોસ્ટેલ દ્વારકાના સ્પર્ધકોએ અનેક ઈવેન્ટોમાં વિજેતા બની જિલ્લામાં નામ રોશન કર્યું હતું. અગત્સ્ય ગર્લ્સ સ્કૂલ ખંભાળિયાના સંચાલકો દ્વારા હેતલબેન કંડોરીયાનો અને દ્વારકા કેજીબીવી હોસ્ટેલના આસિસ્ટન્ટ વોર્ડન શીતલબેન મંગેરા તેમજ વિરમભા આશાભા માણેક છાત્રાલયના ગૃહપતિ રાજુભાઈ સુમણીયા દ્વારા સન્નીભાઈ પુરોહિતનો વિશેષ આભાર માનવામાં આવ્યો. અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકા જિલ્લાની આ કોમ્પિટિશનમાં સન્નીભાઈ પુરોહિત અને હેતલબેન કંડોરીયા દ્વારા આ સ્પર્ધા માટે સૌથી વધુ સંખ્યામાં ખેલાડીઓને માર્ગદર્શન આપી રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યા હતા.

# અમરેલીમાં ભૂઈના કારસ્તાનનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા



અમદાવાદ તા. ૧૦

અમરેલી લાઠી રોડ ઉપર ગિરધરનગર વિસ્તારમાં થોડા દિવસ પહેલા સરકારી જમીનમાંથી સ્વયંભૂ શિવલીંગ નીકળવાની ઘટનામાં ભૂઈ માલતીબેન અરજણભાઈ ભુવા તથા તેના મળતીયાનું કારસ્તાન નર્યું તુત, બોગસ સાબિત કરી સમગ્ર પ્રકરણનો ભાંડાફોડ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે અમરેલી સીટી-તાલુકા પોલીસ સ્ટેશનથી મદદથી કર્યો હતો. જાથાને ૧૨૫૬માં પર્દાફાશમાં સફળતા મળી હતી.

બનાવની વિગત પ્રમાણે થોડા દિવસ પહેલા ગિરધરનગર વિસ્તારમાં હનુમાનજી મંદિરની પાછળ જમીનમાંથી સ્વયંભૂ શિવલીંગની ઘટના ચમત્કારનું સ્વરૂપ ધારણ કરતાં લોકો દર્શન માટે ઘેલા બન્યા હતા. ભૂઈએ ધૂણીને પિતૃ, દુઃખ-દર્દ, આધી-વ્યાધિ, ઉપાધિ દૂર થશે, દર્શન કરવાથી બેડો પાર, મોટું મંદિર બનાવવા સાથે પ્રચાર કરવા આદેશ આપ્યો હતો. આ મહિલાએ ધૂણતા મહાદેવનું નામ ગોપીશંકર રાખવા અને નંદી ગણપતિ દાદા, હનુમાન દાદા, કાળભૈરવ દાદાની મૂર્તિઓ હરિદ્વારથી લાવવાનો પણ આદેશ આપ્યો હતો. મંદિરની બાજુનો રસ્તો સરકારી જમીનમાંથી શિવલીંગનું પ્રાગટય કર્યું હતું. સમગ્ર ચમત્કાર સાગ્રીતોની મદદથી કરવામાં આવ્યો હતો.

ફંડ-ફાળાની ગતિવિધિ આરંભ થઈ ગઈ હતી. ભૂઈ માલતીબેને ઉભો કરેલા ચમત્કારથી પડોશીઓ નારાજ હતા તેની વચ્ચે સોશ્યલ મિડીયાએ સ્થાન લીધું. અફવાથી શિવલીંગનો ચમત્કારે શંકાનું સ્થાન ઉભું થયું. સમગ્ર મામલો જાથાના કાર્યાલયે પહોંચ્યો. જમીનમાંથી નીકળવાની ઘટનાનો વિડીયો મોકલવામાં આવ્યો.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ શિવલીંગના ચમત્કારનો વિડીયો બારીકાઈથી નિરીક્ષણ કરતાં અનેક શંકાઓ સાથે ષડયંત્ર પૂર્વકનું કાવત્રું નજરે પડતા કાર્યકરોને તપાસ કરવા મોકલ્યા. સૌ પ્રથમ પાડોશીઓએ ભૂઈએ જ ધતિંગ કર્યું છે. ભૂઈ માલતીબેન ભુવા અગાઉ બે વાર જુગાર પોતાના ઘરે રમાડતા પકડાઈ ગયા હતા. કુલ ચાર વાર જુગારના ખેલમાં સંડોવણી ખુલ્લી હોવાનું બહાર આવ્યું હતું. પોતાના ઘર પાછળ ખાડો ખોદી શિવલીંગ મુકી દીધું છે. તેમાં ત્રણ પુરૂષ, બે મહિલાના નામ આપવામાં આવ્યા હતા. ભૂઈની જેમ બે મહિલાઓ પણ ધૂણે છે. મિલાપીપણામાં ચમત્કારનો અંજામ આપવામાં આવ્યો છે. પુરાવા આપવામાં આવ્યા, ભાંડાફોડનો રસ્તો મોકળો બન્યો હતો.

# રાજકોટના જીવનનગરમાં ગણપતિ મહોત્સવનું ભાવપુર્વક સ્થાપન થયું



રાજકોટ તા.૧૦

જીવનનગર વિકાસ સમિતિ સંચાલિત જીવનનગર ગણપતિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ મહિલા મંડળના સંયુકત ઉપક્રમે જીવનનગર કા વિધ્નહતાનું ભાવપૂર્વ સ્થાપન કરવામાં આવ્યું હતું. કોઈપણ અવરોધ વગર, આદર્શ રીતે પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. બે દિવસ પ્રસાદનું વિતરણ જરૂરીયાતમંદ લોકોને કરવામાં આવ્યું હતું.

સમિતિના પ્રમુખ જયંત પંડયાએ ભારતમાં ઉત્સવ, ધાર્મિક કાર્યક્રમો ભાઈચારા, એકતા, બંધુત્વ સાથે મનદુઃખ દૂર કરવાના સાથે અનેક કારણો માનવામાં આવે છે. શિવ ઈલેવન ગ્રુપના ગણપતિ બાપાના કાર્યકરોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટે મહાઆરતી, દિપમાલાનું હાર્દ સમજાવી, પ્રસાદ વિતરણ કર્યું હતું. મહાદેવધામ મહિલા મંડળે જણાવેલ કે જીવનનગર કા વિધ્નહર્તાનું સ્થાપન સાથે જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, શિવપરાના રહીશોની એકતાના કારણે તમામ ઉત્સવોમાં સફળતા મળે છે.

સમિતિના વિનોદરાય ભટ્ટ, અંકલેશ ગોહિલ, સંજય ધકાણ, અનંતરાય ગોહેલ, શૈલેષભાઈ પુજારા, પંકજભાઈ મહેતા, વિનોદરાય ઉપાધ્યાય, હસુભાઈ મોડેસરા, રાજુ મોડેસરા, વિજયભાઈ જોબનપુત્રા, પુજારી પ્રવિણભાઈ જોષી, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, જયોતિબેન પુજારા, શોભનાબેન ભાણવડિયા, ભારતીબેન ગંગદેવ, નેહાબેન મહેતા, જીગીષાબેન રાવલ, હર્ષાબેન પંડયા, આશાબેન મજેઠીયા, યોગિતાબેન જોબનપુત્રા, અલ્કાબેન પંડયા, ભક્તિબેન, પ્રફુલ્લાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, કુસુમબેન ચૌહાણ તથા સદસ્યોએ સ્થાપન વિધિમાં ભાગ લીધો હતો.

શિવ ઈલેવન કે બાપા મહોત્સવમાં શ્રેયસ પાઠક, ચિંતન પાઠક, કુશલ બુંદેલા, ચિરાગ બુંદેલા, સ્મિત મકવાણા, મિત ચૌહાણ, કેવલ બ્રહ્માણી, આનંદ ટંકારીયા, કમલેશભાઈ પાઠક, દિગંત પાઠક, નયનેશ ભટ્ટ, યોગેશ મકવાણા, દક્ષાબેન પાઠક, દિપ્તીબેન પટેલ, જયશ્રીબેન મોડેસરા, વર્ષાબેન ભટ્ટ, કૃપાબેન ભદ્ર દરરોજ પ્રસાદ વિતરણમાં ભાગીદાર બને છે.

# ઉનાનાં મેણ ગામે જાહેરમાં જુગાર રમતા નવ જુગારીઓને ઝડપી લેતી પોલીસ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૦

ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન રાણા અને સર્વેલન્સ સ્કવોડ ના એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ એમ. પરમાર, જોરૂભા નારજભાઈ મકવાણા, પોલીસ હેડ કોન્સ્ટેબલ શાંતિલાલ વેલાભાઈ સોલંકી, નાનજીભાઈ સાર્દૂલભાઈ વિજયભાઈ હાજાભાઈ, રવિસિંહ પ્રતાપસિંહ, અનિલભાઈ ભૂપતભાઈ સહિતના સ્ટાફને બાતમી મળી હતી કે, ઊના તાલુકાના મેણ ગામે પ્લોટ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમાતો હોય રેડ પાડતા તીન પત્તી નામનો રૂપિયાની હાર જીતનો જુગાર રમતા ૧, અસરફ અબ્દેરહેમાંન જેઠવા, ભરત ભગવાનભાઈ જાદવ, અશ્વિન રામભાઈ બાંભણિયા, કરશન મેઘભાઈ જાદવ, દિલાવર રજાકભાઈ જેઠવા, ગોવિંદ ડાયા ભાઈ વાજા, બાલા બાબુભાઈ ગોરડિયા, સંજય બાબુભાઈ ડાભી, ભરત ભીમા ભાઈ બાંભણિયા રે. તમામ મેણતા. ઊના ને રોકડા રૂપિયા ૪૦૩૪૦ સાથે પકડી ઊના પોલીસ સ્ટેશન એ લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# ખંભાળિયાના લોકમેળામાં તંત્ર દ્વારા ખાણીપીણી અંગેનું ચેકિંગ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં યોજાયેલા ચાર દિવસીય શિરૂ તળાવના લોકમેળામાં જુદા જુદા સ્થળોએથી આવેલા લોકો દ્વારા વિવિધ પ્રકારની વાનગીઓ સાથેના ખાણીપીણીના સ્ટોલો ઉભા કરવામાં આવ્યા છે. ત્યારે અહીં વેચાતા વિવિધ પ્રકારના નાસ્તા, ભોજન તેમજ ઠંડાપીણાના કારણે રોગચાળો કે ફૂડ પોઈઝિશનિંગ ન ફેલાય તે હેતુથી પ્રાંત અધિકારીની સૂચનાથી અહીંના તાલુકા વિકાસ અધિકારી અને તલાટી કમ મંત્રી વિગેરેની ટીમ દ્વારા સ્ટોલ અને લારીઓમાં ચેકીંગ કાર્યવાહી કરવામાં આવી હતી.

# ભાણવડના એનિમલ લવર્સ ગ્રુપ દ્વારા ઈજાગ્રસ્ત ઢેલનું રેસ્ક્યુ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ભાણવડના ભરતપુર ગામે શનિવારે રાત્રે શ્વાન દ્વારા એક ઢેલને ઈજાગ્રસ્ત કરાતા આ ઢેલ પગના ભાગે ખૂબ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હોવાથી એ એનિમલ લવર્સ ગ્રુપના એ.આર. ભટ્ટને જાણ કરવામાં આવી હતી. જેથી તેમની ટીમના સભ્યો દ્વારા તુરત સ્થળ પર જઈ ઢેલને રેસક્યુ કરાઈ હતી. રેસ્ક્યુ કરીને પ્રાથમિક સારવાર બાદ આ ઢેલ વન વિભાગને સોંપી, પોરબંદર પક્ષી અભ્યારણ્ય ખાતે રીફર કરીને તેને નવજીવન અપાયું હતું. અબોલ જીવ બચાવની આ પ્રસંશનીય કામગીરીમાં અશોકભાઈ ભટ્ટ, મેરામણભાઈ, નિમિષ અને વન વિભાગના કર્મચારીઓ જોડાયા હતા.

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં રાજ્યના અન્ન અને નાગરિક વિભાગની ગતિવિધિઓના પ્રેઝન્ટેશનથી પ્રભાવિત થતા ગ્રાહકોની બાબતો, અન્ન અને જાહેર વિતરણ વ્યવસ્થાના કેન્દ્રિય મંત્રી પ્રહલાદ જોષી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે જાહેર વિતરણ વ્યવસ્થામાં અપનાવેલી ટેક્નોલોજીયુક્ત પહેલ અન્ય રાજ્યો માટે પથદર્શક છે : ગુજરાતે ટેક્નોલોજીનો સમન્વય કરીને જાહેર વિતરણ વ્યવસ્થામાં અપનાવેલી પારદર્શિતા અન્ય રાજ્યો ફોલો કરી શકે તેવી સુદ્રઢ વ્યવસ્થા છે**



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકારે જાહેર વિતરણ વ્યવસ્થામાં અપનાવેલી ટેકનોલોજીયુક્ત પહેલ દેશના અન્ય રાજ્યો માટે પથદર્શક છે તેવો સ્પષ્ટ મત ગ્રાહકોની બાબતો, અન્ન અને જાહેર વિતરણ વ્યવસ્થાના કેન્દ્રિય મંત્રીશ્રી પ્રહલાદ જોષીએ વ્યક્ત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા તથા ગ્રાહકોની બાબતોના વિભાગનું વિવિધ યોજનાઓમાં પર્ફોર્મન્સ પણ સારૂ છે. એટલું જ નહીં, ટેક્નોલોજીનો સમન્વય કરીને જે પારદર્શિતા અપનાવવામાં આવી છે તેને અન્ય રાજ્યો ફોલો કરી શકે તેવી આ સુદ્રઢ વ્યવસ્થા છે. કેન્દ્રિય મંત્રી પ્રહલાદ જોષીએ ગુજરાતની તેમની મુલાકાત દરમ્યાન ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કર્યા બાદ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં અન્ન નાગરિક પુરવઠા વિભાગની ગતિવિધિઓનું પ્રેઝન્ટેશન નિહાળીને સમીક્ષા કરી હતી. રાજ્યના અન્ન નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, રાજ્યમંત્રી ભીખુસિંહ પરમાર તેમ જ મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી અને રાજ્ય તથા કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા. ગુજરાતમાં ૩.૬૩ કરોડ એન.એફ.એસ.એ. લાભાર્થીઓ સહિત જરૂરતમંદ પરિવારોને જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે ૧૭૦૦૦ જેટલી વાજબી ભાવની દુકાનો દ્વારા અન્ન વિતરણ કરવામાં આવે છે. આવા અનાજના સંગ્રહ માટે ૨૫૦ જેટલા ગોડાઉન પણ કાર્યરત છે, તેની વિગતો આ બેઠકમાં આપવામાં આવી હતી. ગુજરાત સરકારે વિવિધ ખાદ્યાન્નના પરિવહનની લાસ્ટ માઈલ ડિલિવરી સુનિશ્ચિત કરવાના હેતુસર સપ્લાય ચેઈન ઓટોમેશન, વાહનોનું લાઈવ ટ્રેકિંગ, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર દ્વારા રાજ્ય કક્ષાએથી ૨૫૦ ઉપરાંત ગોડાઉનમાં ૭૫૦૦ જેટલા સીસીટીવી કેમેરાથી સપ્લાય ચેઈન મોનિટરિંગ સહિતની જે ફૂલપ્રૂફ વ્યવસ્થા વિકસાવી છે, તે અંગે જાણવામાં કેન્દ્રિય મંત્રીએ ઊંડો રસ દાખવ્યો હતો. અનાજનું પરિવહન કાર્યક્ષમ રીતે વધારવા માટે કેન્દ્ર સરકારની ભલામણ અનુસાર રૂટ ઓટોમાઈઝેશનના અમલથી ગુજરાત સરેરાશ માસિક ૫૩ લાખ રૂપિયાની બચત કરે છે, તેની પણ મંત્રીએ સરાહના કરી હતી. રાજ્યમાં 'માય રાશન' મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે તથા મોબાઈલથી ફેઈસ ઓથેન્ટિફિકેશન દ્વારા ઈ-કે.વાય.સી.ની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ પ્રક્રિયાનો લાભ ૫૯ લાખથી વધુ લોકોએ લીધો છે અને ૨૦ લાખથી વધુ લોકોએ આ મોબાઈલ એપ ડાઉનલોડ કરી છે, તેની વિગતો બેઠકમાં કેન્દ્રિય મંત્રી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સીધા માર્ગદર્શનમાં કાર્યરત સી.એમ. ડેશબોર્ડની ફીડબેક મિકેનિઝમ સિસ્ટમ દ્વારા લાભાર્થીઓ ટેલિફોનિક સંપર્ક કરીને જાહેર વિતરણ વ્યવસ્થા અંગેના પ્રતિભાવો-ફીડબેક મેળવવામાં આવે છે. આ સિસ્ટમની સફળતા અંગે કેન્દ્રિય મંત્રીશ્રીને જણાવવામાં આવ્યું કે ૯૫ ટકા જેટલા લોકોએ વિતરણ વ્યવસ્થા તથા ક્વોલિટી અંગે સંતોષ વ્યક્ત કર્યો છે. એટલું જ નહીં, રાજ્ય સ્તરીય ગ્રાહક તકરાર નિવારણ આયોગને મળેલી ફરિયાદોમાં ૯૦ ટકા અને જિલ્લા સ્તરીય આયોગની ૯૬ ટકા સમસ્યાઓનું છેલ્લાં ૩ વર્ષમાં નિવારણ લાવી દેવાયું છે. મિલેટની-અન્નની ખરીદી અને વિતરણને પ્રોત્સાહન આપવામાં પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે ઉત્કૃષ્ટ કામગીરી કરીને ૧,૭૦,૬૦૦ મે.ટન અન્નની ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતોને ૪૭૦ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. વન નેશન-વન રેશન કાર્ડની ગુજરાતે પાયલોટ પ્રોજેક્ટ તરીકે પહેલ કરીને અત્યાર સુધીમાં ૬૯.૯૪ લાખ ટ્રાન્ઝેક્શન કરેલા છે, તેની પણ કેન્દ્રિય મંત્રીએ નોંધ લીધી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અનાજ, કઠોળ, ખાદ્યતેલ, વગેરેની ગુણવત્તા જાળવવા માટે ઝીરો ટોલરેન્સી નીતિ અપનાવવાના સ્પષ્ટ નિર્દેશો વિભાગને આપેલા છે. આ અંતર્ગત જાહેર વિતરણ વ્યવસ્થા, પી.એમ. પોષણ, આઈ.સી.ડી.એસ. માટે કરવામાં આવતી બધી જ ખાદ્ય સામગ્રી ફૂડ રિસર્ચ લેબોરેટરીના કડક ગુણવત્તા માપદંડોમાં પસાર થયા પછી જ વિતરણ કરવામાં આવે છે. ગુજરાતની આવી ફૂલપ્રૂફ વ્યવસ્થાથી પણ કેન્દ્રિય મંત્રી પ્રહલાદ જોષી પ્રભાવિત થયા હતા. રાજ્યને વિવિધ ખાદ્યાન્નની કેન્દ્ર દ્વારા ફાળવણીના સંદર્ભમાં શ્રી પ્રહલાદ જોષીએ કેન્દ્ર સરકાર યોગ્ય વિચારણા કરશે તેમ પણ જણાવ્યું હતું. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવ રમેશ મીણાએ રાજ્ય સરકારની જાહેર વિતરણ વ્યવસ્થા તેમ જ કેન્દ્ર અને રાજ્યની યોજનાઓમાં ગુજરાતના પર્ફોર્મન્સ અંગેની વિસ્તૃત જાણકારી પ્રેઝેન્ટેશનના માધ્યમથી આપી હતી.

## મુકેશભાઈ મેરજાનાં જન્મદિવસે "દરિદ્રનારાયણ છપ્પન-ભોગ"ની "બા"નું ઘર'' ખાતે સેવાકીય પ્રેરણાત્મક ઉજવણી





શ્રી મુકેશભાઈ મેરજા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૦

"માનવ સેવા એજ જીવન-મંત્ર" મુકેશભાઈ મેરજાનાં જન્મદિવસે માનવ કલ્યાણ મંડળ-ગુજરાત, "બા"નું ઘર વૃધ્ધાશ્રમ અને અખીલ ભારતીય કુમી ક્ષત્રિય પાટીદાર મહાસભા, ધી ટેકનિકલ એસોસિયેશન ઓફ ગુજરાત અને સમસ્ત પાટીદાર સમાજના પ્રમુખ મુકેશભાઈ મેરજાના જન્મદિવસ (10 September) પ્રેરણારૂપ "દરિદ્રનારાયણ છપ્પન-ભોગ" વિચારની સેવાકીય ઉજવણી "બા"નું ઘર'' ખાતે કરી સમાજને એક નવો રાહ. છપ્પન-ભોગ લોકો ફક્ત ભગવાનને જ ધરાવવામાં આવે છે. જે બાબતે મુકેશભાઈ મેરજાએ નવી વિચારધારા અંગે જણાવ્યું હતું આ પાંચમો પ્રયત્ન છે. પ્રથમ વર્ષે આ પ્રયત્ન ઝૂપડ-પટ્ટીમાં મિત્ર વર્તુળ સાથે ૫૬૦ લોકોને ફૂલ થાળી પીરશી જેમાં ૫૬ લાઈવ આઈટમો સાથે ભોજન કરાવી દરેકને દક્ષીણા આપી આનંદ ઉલ્લાસ સાથે ઉજવેલ હતો, આ છપ્પન-ભોગના નવતર વિચારમાં મંદિરમાં જેમ ભોગ ધરીએ તેવી રીતે "આત્મા એજ પરમાત્મા" ને સાર્થક કરવા જરૂરીયાતમંદો માટે પણ છપ્પન-ભોગનું આયોજન કરી દરેકને ભેટ આપવામાં આવે છે. મુકેશભાઈ મેરજા ના આ વખતના જન્મ દિવશે માનવ મંદિર જેવા "બા" નું ઘર વૃધ્ધાશ્રમના આશ્રીતોને આખો દિવશ જમાડી સાથે વસ્ત્રદાન કરી અને ''બા'' નું ઘર વૃધ્ધાશ્રમના બે માતાઓને એક વર્ષ માટે દતક લઈ તે માતાનો એક વર્ષનો સંપૂર્ણ ખર્ચ રૂા.૧,૨૦,૦૦૦/- આપી પ્રેરણાત્મક ઉજવણી કરી સમાજને નવો રાહ બતાવી ઉજવશે સાથે દક્ષિણામાં સ્નેહભીની ભેટ આપી, કુટુંબ પ્રેમ દ્વારા તેમની સાથે સમયગાળી અને સાથે હેલ્થ કેમ્પ યોજી જરૂરી દવાઓ આપી ''અનોખી જન્મદિવશ ની ઉજવણી'' સાદગીથી કરી સાથે સાથે તમામને જરૂરી દવાઓ અને તમામને મલ્ટી વિટામીન પણ આપવામાં આવશે, મુકેશભાઈ મેરજા ને મો-૯૪૨૬૭ ૩૭૨૭૩, પર આવા સેવાકાર્ય માટે શુભેસ્છાઓ મળી રહી છે. આ સેવાકાર્યના સહભાગી એવા તેમના ધર્મપત્ની વિભાબેન મેરજા, અને સેવાટીમના ગીતાબેન પટેલ, નાથાંભાઈ કાલરીયા, અલ્પેશભાઈ સેજાણી, ડો.વી. એન.પટેલ, મનસુખભાઈ હીન્સુ, મનહરભાઈ મેરજા, શ્યામ જોબનપુત્રા, બલવંત મેરજા, ભૂપત ભાણવડીયા વગેરે આવી સેવા પ્રવૃતિઓમાં જહેમત ઉઠાવી રહ્યા છે. હાલમાં ઓક્સીજન સિલિન્ડર, ઓક્સીજન કોન્સનટ્રેશન મશીન, કોરોના માટે જરૂરી વસ્તુઓ માસ્ક, સેનીટાઈજાર, દવાઓ, ઉકાળા, જેવી તમામ વસ્તુઓ, કોરોના-ફ્રી આરો વોટર ફિલ્ટરનું વિતરણ કરવામાં આવે છે. હરતું ફરતું દવાખાનું, ફ્રી મેરેજ બ્યૂરો, સમાધાન પંચ, ગરીબ પરીવારની દીકરીઓના સાદાયથી લગ્ન કરાવી આપવામાં આવે છે. આવી સેવાના લાભ લેવા કે મદદરૂપ થવા સંપર્ક : માનવ કલ્યાણ મંડળ, ૩-ગંગા જમુના સરસ્વતી ટાવર, યુનિ. રોડ રાજકોટ, કોન્ટેક્ટ નંબર ૮૩૨૦૫૦૯૨૦૩.

## અધિવકતા પરિષદ રાજકોટ દ્વારા વકફ બોર્ડ સુધારા બીલ (૨૦૨૪)ના સમર્થનમાં જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીને રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૦

અધિવક્તા પરિષદ એ ભારતમાં વકીલો, કાનૂની વ્યાવસાયિકો અને કાયદાના વિદ્યાર્થીઓનું સંગઠન છે. અધિવક્ત પરિષદ, સોસાયટી એક્ટ ૧૯૬૦ હેઠળ નોંધાયેલ સોસાયટીની સ્થાપના ૧૯૯૨ માં કાયદાના શાસનને પ્રોત્સાહન આપવા અને ગરીબ અને જરૂરિયાતમંદોને કાનૂની સહાય પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. તે કાનૂની પ્રણાલીને મજબૂત કરવા અને જેઓ તેને પરવડી શકતા નથી તેમને કાનૂની સેવાઓ પૂરી પાડવાનું કામ કરે છે. તે માનવ અધિકારોનું રક્ષણ કરવા અને કાનૂની શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે પણ કામ કરે છે. તેની સમગ્ર ભારતમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શાખાઓ છે. સંસ્થા વિવિધ કાનૂની મુદ્દાઓ પર ચર્ચા કરવા અને લોકોને કાયદાકીય સલાહ આપવા માટે સેમિનાર અને વર્કશોપનું પણ આયોજન કરે છે. અમે, આધિવક્તા પરિષદ રાજકોટના સભ્યો, વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ માટે અમારું સંપૂર્ણ સમર્થન વ્યક્ત કરવા માટે લખી રહ્યા છીએ. આ વિધેયક વકફ મિલકતોના વહીવટ અને સંચાલનમાં આવશ્યક સુધારાઓ રજૂ કરે છે, જેનો ઉદ્દેશ્ય વધુ પારદર્શિતા, જવાબદારી અને શાસનમાં સર્વસમાવેશકતાને સુનિશ્ચિત કરવાનો છે. સૂચિત સુધારાઓ આના માટે તૈયાર છેઃ શાસન અને દેખરેખ મિકેનિઝમને મજબૂત બનાવવું નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓ અને લઘુમતી સમુદાયોનું પ્રતિનિધિત્વ વધારવું વકફ મિલકતોના સંચાલનમાં પારદર્શિતા અને જવાબદારી વધારવી; અને વિવાદોના નિરાકરણને સરળ બનાવવું અને વકફ મિલકતોના અતિક્રમણને અટકાવવું. અમને વિશ્વાસ છે કે આ ફેરફારો માત્ર મુસ્લિમ સમુદાયને જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે નોંધપાત્ર લાભ લાવશે. તેથી, અમે તમને આ બિલ પસાર કરવા અને તેના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે સમર્થન આપવા ભાર પૂર્વક વિનંતિ કરી એ છીએ. અધિવક્તા પરિષદના રાજકોટ મહાનગરના પ્રશાંત જોષી પ્રમુખ, હસમુખ ગોહિલ મંત્રી, ચેતન વિઠલાપરા, સરોજબેન રૂપાપરા ઉપાધ્યક્ષ, સહમંત્રી કપિલભાઈ શુકલા ખજાનચી સરજુદાસ દુધરેજીયા, કારોબારી સભ્યો પી.સી. વ્યાસ, જયેન્દ્રભાઈ ગોંડલીયા, તરૂણભાઈ માથુર, જે.પી. મારૂ, વિશાલભાઈ ગોસાઈ, સંદીપભાઈ વેકરીયા, રશ્મીબેન પટેલ, રવિભાઈ ટાંકને કમિટીને રજૂઆત કરવામાં આવી છે.

## મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આગામી તા.૧૬થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં રોકાણને આકર્ષવા માટે "GLOBAL RE-INVEST MEET-૨૦૨૪'' યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦

ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે, મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે આગામી તા.૧૬થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં રોકાણને આકર્ષવા માટે "GLOBAL RE-INVEST MEET-2024'' યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧૬ સપ્ટેમ્બરના રોજ આ ઈન્વેસ્ટર્સ સમિટનો શુભારંભ કરાવશે. જ્યારે, તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે. વર્ષ ૨૦૧૪માં ભારતની રિન્યુએબલ એનર્જી ક્ષમતા માત્ર ૭૬ ગીગા વોટ હતી, જે આજે વધીને ૨૦૩ ગીગા વોટ સુધી પહોંચી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની રિન્યુએબલ એનર્જી ક્ષમતાને ૫૦૦ ગીગા વોટ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. જેના માટે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ભારતને આશરે રૂા.૩૦ લાખ કરોડના રોકાણની જરૂરિયાત છે. ઈન્વેસ્ટર્સને આકર્ષવામાં અને વડાપ્રધાનના ૫૦૦ ગીગા વોટના લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં RE-INVEST-૨૦૨૪ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, તેમ કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું. મંત્રીએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે, પ્રથમવાર RE-INVEST સમિટ દિલ્હીથી બહાર, ગુજરાતમાં યોજાઈ રહી છે. રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાત સરકારની સરાહનીય કામગીરીને પગલે, RE-INVESTના ચોથા સંસ્કરણના આયોજન માટે ગુજરાત શ્રેષ્ઠ વિકલ્પ છે. ગુજરાતમાં યોજાનારી ત્રિદિવસીય RE-INVEST સમિટ દરમ્યાન વિવિધ વિષયો ઉપર ૪૦થી વધુ સેશન યોજાશે. સાથે જ, સ્ટાર્ટઅપ અને મહિલાલક્ષી વિશેષ સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટમાં ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, જર્મની, નોર્વે, સિંગાપોર, અમેરિકા, ઓમાન સહિત અનેક દેશના ડેલીગેશન ભાગ લેશે. કેટલાક દેશના ડેલીગેશન સાથે મંત્રીઓ પણ ગુજરાત પધારશે. તદુપરાંત ભારતના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રી, મંત્રી સહિતના ડેલીગેશન, વિવિધ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટ, બેંકો, મેન્યુફેકચરર પણ આ સમિટમાં સહભાગી થશે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ કહ્યું હતું કે, આ ત્રિદિવસીય સમિટ દરમ્યાન રિન્યુએબલ એનર્જી ક્ષેત્રને દર્શાવતું એક્ઝિબિશન પણ યોજાશે. જેમાં ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય ઉપરાંત વિવિધ રાજ્યોના પ્રદર્શનો તેમજ વિવિધ કંપનીઓના પ્રદર્શનો યોજાશે. સાથે જ B2B, B2G અને G2G મિટિંગ પણ યોજાશે.

## કેશોદના આંબાવાડી વિસ્તારમાં મહિલાઓ દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૦

કેશોદના આંબાવાડી વિસ્તારમાં મહિલા મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી રણછોડજી મંદિરેથી વાજતેગાજતે ભવ્ય પોથી યાત્રા કાઢવામાં આવી હતી. શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ના યજમાન પરિવાર સહિત વિસ્તારના રહીશો બહોળી સંખ્યામાં પોથી યાત્રામાં જોડાયા હતાં અને મુખ્ય ચોક વિસ્તારમાં બેન્ડ વાજાના તાલે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. કેશોદના આંબાવાડી વિસ્તારમાં શરૂ થયેલ



શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના વ્યાસપીઠ ઉપર શાસ્ત્રી બીરજુપ્રસાદ એસ. ઉપાધ્યાય સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યાં છે. કેશોદના મહિલા મંડળ ગજાનન ગ્રુપ આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ અદાણીપરા શેરી નંબર ચાર આંબાવાડી ખાતે રોજ બપોરે ૩:૩૦ કલાકે થી સાજે ૬:૩૦ કલાક સુધી કપીલ જન્મથી કથાનો પ્રારંભ કરી શ્રી નૃસિંહ પ્રાગટ્ય, શ્રી વામન પ્રાગટ્ય, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ, શ્રી રૂક્ષ્મણી વિવાહ, શ્રી સુદામા ચરિત્ર સહિત તમામ ઉત્સવો આસ્થાભેર ઉજવણી કરી તારીખ ૧૪[illegible]૨૦૨૪ શનિવારે કથાને વિરામ આપવામાં આવશે. કેશોદના આંબાવાડી વિસ્તારમાં યોજવામાં આવેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ભાવિકો ભક્તો બહોળી સંખ્યામાં ઉમટી શાસ્ત્રી બીરજુપ્રસાદ એસ. ઉપાધ્યાયની દિવ્ય વાણીનો લાભ લઈ ભાવવિભોર બની જાય છે. કેશોદના શહેરીજનોને આંબાવાડી વિસ્તારમાં યોજવામાં આવેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ માં પધારવા મહિલા મંડળ ગજાનન ગ્રુપ દ્વારા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## યાત્રાધામ પ્રાંચી તીર્થ ખાતે ઋષિ પંચમી નિમિત્તે માનવ મહેરામણ ઉમટયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૦

સૌ વાર કાશી એક વાર પ્રાચી તીર્થધામમાં ઋષિ પંચમીના પાવન દિવસ નિમિત્તે સરસ્વતી નદીમાં સ્નાન કરવા અને મોક્ષ પીપળે પાણી રેડવા માનવ મહેરામણ ઉમટયો હતો. આ દિવસે મોટી સંખ્યામાં ભાવિકોએ મોક્ષ પીપળે પૂજા અર્ચના કરાવ્યા બાદ પાણી રેડી તથા ૧૦૮ પ્રદિક્ષણા ફરી યથાશક્તિ દાન દક્ષિણા આપી અને પૂર્વ વાહીની સરસ્વતીમાં સ્નાન કરી તથા માધવરાયજી પ્રભુ તથા સરસ્વતી ઘાટ ઉપર બિરાજતા પૌરાણિક છ છ શિવ મંદિરોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

## ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરોના પરોણા : રોકડ, આભૂષણ સહિત રૂા.૫.૧૦ લાખના મુદ્દામાલની ચોરી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયા તાલુકાના કોલવા ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા નગાભાઈ રણમલભાઈ નંદાણીયા નામના ૩૬ વર્ષના યુવાનના ઘરમાં ગત તા. ૩૧ ઓગસ્ટના સવારે ૧૦ વાગ્યાથી તા. ૮ સપ્ટેમ્બરના સવારે ૯ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કોઈ તસ્કરોએ ડુપ્લીકેટ ચાવી વડે તાળું ખોલીને આ રહેણાંક મકાનમાં પ્રવેશ કર્યો હતો. અહીં રૂમમાં રહેલા આળિયામાં રાખવામાં આવેલી બરણીમાં આશરે રૂપિયા પોણા બે લાખની કિંમતનું સાડા ત્રણ તોલાનું મંગલસૂત્ર, રૂા.૧,૦૦,૦૦૦ ની કિંમતનો બે તોલાનો પેંડલનો સેટ તેમજ રૂા.૧૫,૦૦૦ ની કિંમતની ત્રણ ગ્રામ વજનની સોનાની વીંટી ઉપરાંત પતરાની પેટીમાં રાખવામાં આવેલા રૂપિયા ૨,૨૦,૦૦૦ની રોકડ રકમ ચોરી કરીને લઈ ગયા હોવાનું ખુલવા પામ્યું છે. આ પ્રકરણમાં કુલ રૂપિયા પાંચ લાખ દસ હજારના મુદ્દામાલની ચોરી અજાણ્યા તસ્કરો કરી ગયા હોવાનું જાહેર થયું છે. આ ચોરીના બનાવ અંગે ખંભાળિયા પોલીસે નગાભાઈ નંદાણીયાની ફરિયાદ ઉપરથી અજાણ્યા ચોર શખ્સો સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, અહીંના પી.એસ.આઈ. આર.જી. વસાવા તેમજ સ્ટાફ દ્વારા તસ્કરોને ઝડપી લેવા માટે જ વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## કેશોદ ભારત વિકાસ પરિષદ દ્વારા મોદક તથા ગણપતિ મેકીંગ સ્પર્ધા યોજવામાં આવી

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૦

કેશોદ ભારત વિકાસ પરિષદ એક રાષ્ટ્રિય કક્ષાની ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી સેવાકિય સંસ્થા છે. તેમની રાષ્ટ્ર લેવલે ૧૫૦૦ જેટલી શાખાઓ આવેલી છે. સંસ્થાના મુખ્ય પ્રકલ્પ જે દરેક શાખા દ્વારા વર્ષ દરમ્યાન કરવાનાં હોય છે. જેમાં ભારત કો જાનો, વડીલ વંદના તેમજ ગુરૂ વંદન છાત્ર અભિનંદન, રાષ્ટ્રીય સમુહ ગાન સ્પર્ધા વગેરે યોજવામાં આવે છે. કેશોદના નહેરૂનગરમાં આવેલ સિદ્ધિવિનાયક મંદિર ખાતે ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા લાડુ સ્પર્ધા તેમજ ઈકો ફ્રેન્ડલી ગણપતિ મેકિંગની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું હતું. લાડુ મેકિંગ સ્પર્ધાના સંયોજક ગોસ્વામીના જણાવ્યા મુજબ કુલ ૩૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૨૫ ભાઈઓ તથા પાંચ બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે ડાભી કુલદીપ જેમણે ૧૧ લાડવો આરોગ્ય હતા. બીજા નંબર ઉપર સિસોદિયા લખન આવેલા હતા જેમણે દસ લાડુ આરોગ્ય હતા આ ઉપરાંત બહેનોના વિભાગમાંથી હીનાબેન રૂપારેલીયા પ્રથમ આવેલા હતા જેમણે પાંચ લાડુ આરોગ્ય હતા. જ્યારે ઈકો ફ્રેન્ડલી ગણપતિ મેકિંગ સ્પર્ધામાં કુલ ૩૮






સ્પર્ધકોએ ભાગ લીધો હતો તેમના સંયોજક સંદીપ ઠકરારના જણાવ્યા મુજબ આ સ્પર્ધામાં સ્પર્ધકો દ્વારા માટી લોટ પાંદડા વગેરે નેચરલ મટીરીયલ દ્વારા અવનવા ગણપતિ બનાવ્યા હતા. જેમાં પ્રથમ વિભાગમાં આસ્થા સોલંકી પ્રથમ રહ્યા હતા. જ્યારે બીજા નંબર ઉપર બેરા પરીન રહ્યા હતા જ્યારે વિભાગ-બીમાં પ્રથમ ધનવી મુછડીયા રહ્યા હતા. ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત સ્પર્ધામાં સૌ પ્રથમ કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, મેહુલભાઈ ગોંડલીયા, પ્રવીણભાઈ ભાલારા, ભારત વિકાસ પરિષદના પ્રમુખ મહાવીરસિંહ જાડેજા, સ્નેહલ તન્ના, સચિવ દિનેશભાઈ કાનાબાર વગેરે દ્વારા દીપ પ્રાગટ્ય કરે સ્પર્ધાઓની શરૂઆત કરવામાં આવેલી હતી. પ્રારંભમાં પ્રમુખ દ્વારા મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલું હતું. ત્યારબાદ સ્પર્ધાઓ શરૂ કરવામાં આવેલી હતી. પ્રથમ સ્પર્ધા લાડુ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ચિંતનભાઈ પનારા તેમજ ઝાલાવાડીયા રહ્યા હતા. જ્યારે લાડુ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સ્નેહલ તન્ના તેમજ દિનેશ કાનાબાર રહ્યા હતા. આ સ્પર્ધાના સ્પોન્સર તરીકે ન્યુ એરા પ્રોફેસરના સંચાલક ડોકટર પ્રવીણભાઈ ગજેરા રહ્યા હતા.



# જૂનાગઢમાં નવરાત્રી ઉજવવા ભારે ઉત્સાહ -તડામાર તૈયારી



જૂનાગઢ તા.૧૦

શક્તિની આરાધનાના પર્વ એવા નવલા માતાના 'નોરતા'ના આગમનને વધાવવા માટે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં તૈયારીઓનો દોર શરૂ થઈ ગયો છે અને પ્રાચીન-અર્વાચીન રાસ-ગરબા માટેની પ્રેક્ટીસ પણ શરૂ થઈ ગઈ છે.

આ ઉપરાંત ગરબી મંડળનાં સંચાલકો, કાર્યકર્તાઓ દ્વારા બાળાઓના રાસ ગરબાના આયોજન કરવામાં આવ્યા છે. આ સાથે જ બાળાઓનો રાસ ગરબાની પ્રેક્ટીસનો દોર શરૂ થઈ ગયો છે. જયારે બજારોમાં પણ ગરબા થીમ આધારીત ચીજ વસ્તુઓ અત્યારથી જ લાવવામાં આવી રહી છે અને ખરીદી પણ શરૂ થઈ રહી છે.

હિન્દુ ધર્મનો મોટામાં મોટો તહેવાર એટલે નવરાત્રી ગણાય છે. આ પર્વ માતાજીની આરાધનાનું પર્વ છે અને જુદા-જુદા સ્વરૂપે બીરાજતાં માતાજીની પૂજન અર્ચના, સહિતના કાર્યક્રમો યોજાતા હોય છે. માતાજીનાં અનુષ્ઠાન સહિતનાં કાર્યક્રમો યોજાતા હોય છે. બીજી તરફ નવરાત્રીના આગમનને આડે ફક્ત ૨૩ દિવસ રહ્યા છે ત્યારે ગરબી મંડળોનાં સંચાલકો, આયોજકો દ્વારા કાર્યકર્તાઓના સાથ સહકાર સાથે બાળાઓનાં રાસ-ગરબાની પ્રેકટીસ શરૂ કરવામાં આવી છે.

જૂનાગઢ શહેરમાં અંદાજીત ૨૫૦ જેટલી નાની-મોટી ગરબી થતી હોય છે. આ વર્ષે પણ ભારે ઉત્સાહ સાથે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવા માટે આયોજનો કરવામાં આવી રહ્યા છે. શહેરમાં વિવિધ વિસ્તારોમાં પરંપરાગત રીતે યોજાતા નવરાત્રી મહોત્સવનાં કાર્યક્રમો તો ખરા જ ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોથી વિવિધ જ્ઞાતિઓ, સમાજો દ્વારા કરાતા પાર્ટી પ્લોટોમાં નવરાત્રી મહોત્સવનાં આયોજનો પણ કરવામાં આવી રહ્યા છે.

આમ જૂનાગઢ શહેરમાં ખુબ જ ઉત્સાહભેર આગામી નવરાત્રી મહોત્સવ ઉજવવા માટે ભારે ઉત્સાહ અને તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

## લાઈટ ડેકોરેશન, મંડપો, વાજીંત્રોની ભારે

નવરાત્રી મહોત્સવ કે જે નવ-નવ દિવસ ચાલતો મોટામાં મોટો તહેવાર છે. આ તહેવારને ખુબ જ ઉત્સાહ ભેર ઉજવવાની તૈયારીના ભાગરૂપે લાઈટ, ડેકોરેશન, મંડપ, વાજીંત્રો અને આધુનીક સંગીતને અનુરૂપ વાજીંત્રો, ડીજે સહિતનાં સામાનની ખરીદી ઉપરાંત, ઢોલક, પખવાજ, હારમોનીયમ સહિતનાં સાધનો સજ્જ કરવામાં આવી રહ્યા છે.

હાલ જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગણપતી ઉત્સવની ઉજવણી ભાવભેર થઈ રહી છે. આગામી દિવસોમાં સમાપન બાદ શ્રાધ્ધ પક્ષ શરૂ થશે અને શ્રાધ્ધ પક્ષ એટલે પિતૃઓ માટે કંઈક કરી છુટવાનું પર્વ પિતૃઓનાં શ્રાધ્ધ કર્મ કરવામાં આવશે અને શ્રાધ્ધપક્ષ પૂર્ણ થતાં આસો સુદ-૧ તા.૩-૧૦-૨૦૨૪ થી નવરાત્રીનું આગમન થશે ત્યારે આગામી નવરાત્રીને ભારે ઉત્સાહ સાથે ઉજવવા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

## ગરબા થીમ આધારીત બજારોમાં ચીજવસ્તુઓ ઉપલબ્ધ



નવરાત્રી મહોત્સવને આડે હવે ગણતરીનાં દિવસ જ રહ્યા છે ત્યારે બજારોમાં ગરબા થીમ આધારીત ચીજ વસ્તુઓ જેવીકે, ડ્રેસ, ડીઝાઈન દાંડીયા, ગરબા, દિવડા વગેરે ચીજ વસ્તુઓ ઉપરાંત નવી ફેશન અનુસાર પોશાક, ચણીયાચોલી વગેરેની પણ ખરીદી થતી હોય જેથી વેપારીઓ નવરાત્રીને અનુલક્ષીને ચીજવસ્તુઓની દુકાનો સજાવવા લાગ્યા છે.

## જૂનાગઢ કોર્પોરેશન દ્વારા ગરબી મંડળોને સહાય આપવાની વહેલી જાહેરાત કરવા

જૂનાગઢ શહેરમાં નવરાત્રીના આગમનને લઈને ગરબી મંડળો દ્વારા શક્તિની આરાધનાના પર્વને ઉજવવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે જૂનાગઢ કોર્પોરેશન દ્વારા ગરબી મંડળોને સહાય આપવા અંગેની વહેલી તકે જાહેરાત કરી દેવામાં આવે તેવી લાગણી જોવા મળી છે. આ વર્ષે ચોમાસુ ભરપૂર રહ્યું છે અને જૂનાગઢ શહેરમાં પણ ખુબ જ સારો વરસાદ થયો છે. ભારે વરસાદને પગલે જૂનાગઢ શહેરના એકપણ માર્ગ એવા નથી કે, જેને સારા કહી શકાય. આવી હાલત વચ્ચે જનજીવન ધબકી રહ્યું છે. બીજી તરફ નવરાત્રીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ગરબી મંડળો પણ તેના આયોજન માટે સજ્જ બની ગયા છે. રસ્તાઓ ખરાબ છે ત્યારે ગરબી મંડળના ચોકો ઉપર પણ ખાસ કામગીરી કરવાની હાલ જરૂરીયાત વર્તાઈ રહી છે. ગરબી મંડળોને જુદા-જુદા ગરબી ચોકોમાં સીમેન્ટ-મોરમ વગેરેના કામ માટે સ્થાનીક કોર્પોરેશન દ્વારા સહાય કરવામાં આવતી હોય છે પરંતુ ઘણી વખત એવું બને છે કે, સમય ખુબ ઓછો હોય અને છેલ્લી ઘડીએ આવી જાહેરાત થતી હોય છે ત્યારે આ વર્ષે ચોમાસાને ધ્યાને લઈ અને જૂનાગઢ કોર્પોરેશન દ્વારા ગરબી મંડળોને જે કાંઈ સહાય એટલે કે સીમેન્ટ, મોરમ પાથરવા માટેની કામગીરીની મદદ જે કાંઈ સહાયની જોગવાઈ હોય તે વહેલી તકે તે અંગેની જાહેરાત કરી દેવાની લાગણી પ્રવર્તી રહી છે.

## ગરબા થીમ માટે અવનવી ચીજવસ્તુઓની બજારમાં આવક : ટૂંક સમયમાં બજારમાં છવાશે અનેરી રોનક

# ૯ વર્ષના પુત્ર સાથે પિતાએ ધોરાજીની ભાદર નદીમાં મોતની છલાંગ લગાવી



ધોરાજી તા.૧૦

ધોરાજીની ભાદર નદીમાં જૂનાગઢના હિરેનભાઈ નીરંજનભાઈ જયસ્વાલ અને તેના પુત્ર જીયાનના આપઘાતથી અરેરાટીની લાગણી વ્યાપી ગઈ છે. બન્નેના મૃતદેહ ભાદર નદીમાંથી મળી આવ્યા બાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જુનાગઢના રીક્ષા ચાલક હિરેન નિરંજનભાઈ જયસ્વાલ (ઉ.૪૫) પોતે અને તેનો પુત્ર જીયાન (ઉ.વ.૯) અને તેની પુત્રી (ઉ.૧૪)ને લઈને ધોરાજીની રોયલ ગર્લ્સ સ્કુલથી આગળ આવેલ ભાદર-૨ ડેમના પુલથી પુત્ર સાથે પાણીમાં ઝંપલાવતા અને પુત્રીએ રાડારાડ કરતા લોકો ભેગા થઈ ગયેલ અને આ અંગે મામલતદાર, ૧૦૮, પોલીસ અને માનવ સેવા યુવક મંડળના કાર્યકર્તાઓ ઘટના સ્થળે દોડી ગયેલ.

મરણ જનાર હિરેનભાઈ જયસ્વાલ જુનાગઢ ખાતે રીક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા અને તેને ૨ પુત્રી અને ૧ પુત્ર હોવાનું જાણવા મળે છે. આ દુ:ખદ ઘટનાની જાણ થતાં તેમનાં પરિવારજનો ધોરાજી ખાતે દોડી આવેલ હતા.

ગઈકાલે રાત્રિના સમયમાં જુનાગઢના દાતાર રોડ જુનાગઢ ખાતે રહેતા હિરેનભાઈ જયસ્વાલ અને તેનો પુત્ર જીયાન ઉંમર વર્ષ ૯ અને તેની પુત્રી ત્રણેય સાથે જુનાગઢ થી સોમવારે રાત્રિના ધોરાજી તરફ નીકળી ગયા હતા. તેમની પત્ની જૂનાગઢ ખાતે એકલી રાખી દીધી હતી અને તેમને મૂકીને પિતા અને બંને સંતાનો સાથે ધોરાજી તરફ આવી અને ઉપલેટા નેશનલ હાઈવે પાસે આવેલ ભાદર ૨ નદી પાસે ઊભા રહી તેમની પત્નીને ફોન કર્યો કે તું તાત્કાલિક આવી જા આ પ્રકારની વાત કરીને અચાનક જ પિતાએ માસુમ પુત્ર સાથે ભાદર નદીમાં ઝંપલાવી દીધું હતું અને પુત્રી ઉભી રહી ગઈ હતી તેથી બચી ગઈ છે. ઉપરોક્ત બનાવવાની જાણ થતા ધોરાજી તાલુકા પોલીસ અને ધોરાજી મામલતદાર તાત્કાલિક ઘટના સ્થળે નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમને લઈને દોડી ગયા હતા. પરંતુ લાંબા સમય બાદ બંનેની શોધખોળ કરતા જૂનાગઢના હિરેનભાઈ જયસ્વાલ ઉંમર વર્ષ ૪૨ અને તેમનો પુત્ર જિયાન ઉંમર વર્ષ ૯ ને શોધીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ધોરાજી ખાતે પહોંચાડતા ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ કયાં કારણસર બન્યો છે તે હજુ જાણવા મળ્યું નથી તેમના પત્ની ૮૦૦૦ રૂપિયાના પગારમાં નોકરી કરવા જાય છે અને સવારના આઠથી રાત્રિના આઠ ૧૨ કલાક સુધી તે બહાર જ રહેતા હોય છે. દરમ્યાન કયાં કારણો સર આ પગલું ભર્યું તે હજુ સુધી જાણવા મળ્યું નથી ઉપરોક્ત બનાવ બાબતે તાલુકા પોલીસ સ્ટેશન ધોરાજીના પીઆઈ ગોહિલે વધુ તપાસ હાથ ધરી છે.

# બાંટવાની ચકચારી લૂંટ પ્રકરણના આરોપીઓ ૬ દિવસના રીમાન્ડ ઉપર

## જૂનાગઢ ક્રાઈમબ્રાન્ચ દ્વારા તપાસનો ધમધમાટ : આરોપીઓની ઉલટ તપાસ



જુનાગઢ તા. ૧૦ :

જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના બાંટવા નજીક પજોદ પાસે ગત ગુરૂવારે રૂા.૧.૧૫ કરોડની સનસનીખેજ લૂંટનો બનાવ બન્યો હતો. આ લૂંટ પ્રકરણનો ભેદ ઉકેલવા જીલ્લા પોલીસ વડા હર્ષદમહેતાના માર્ગદર્શન હેઠળ પોલીસની જુદી જુદી ટીમો દ્વારા તપાસ બાદ આ લૂંટ પ્રકરણનો ભેદ ઉકેલવામાં આવ્યો હતો અને ફરિયાદ કરનાર અમદાવાદની કલા ગોલ્ડ ફેકટરીના સેલ્સમેન યાજ્ઞિક ધર્મેશ જોષી, તેનો ભાઈ મોહિત જોષી અને સહ કર્મચારી ધનરાજ મુરારશા ભાંગડે ને ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરીને રૂા.૧.૯૦ કરોડનો મુદામાલ કબ્જે કરી, આરોપીઓને ગઈકાલે રીમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજુ કરવામાં આવતા ૬ દિવસના રીમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચકચાર લૂંટ પ્રકરણનો ભેદ ઉકેલવા માટે એસપી હર્ષદ મહેતાના સતત માર્ગદર્શનથી કેશોદના ડીવાયએસપી બી. સી. ઠક્કર, માંગરોળના ડી. વી. કોડીયાતર, જૂનાગઢના ડીવાયએસપી હિતેશ ધાંધલ્યા, ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલ, એસઓજી, એફએસએલનાં ભાવિન સોનારા, અલ્પેશ સરીયા, માનસી ટીલવા તથા ડોગ, ૫ પીઆઈ, ૧૧ પીએસઆઈ સહિતની ૮ ટીમનો ૧૫૦ પોલીસનો કાફલાએ રાત દિવસ ઉજાગરા કરી તપાસ હાથ ધરી હતી. અને ઘટના સ્થળ નજીક બાંટવા પોલીસ સ્ટેશન સામે આવેલ આહિર સમાજની વાડી ખાતે ધામા નાંખ્યા હતા. અહીં પોલીસ સ્ટાફ માટે ભોજન સહિતની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દરમ્યાન જૂનાગઢ એલસીબી પીઆઈ જતીન જે પટેલ સહિતની ટીમે સઘન તપાસ હાથ ધરીને અમદાવાદ પહોંચી આ લૂંટના બનાવનો ભેદ ઉકેલ્યો હતો અને ફરિયાદી યાજ્ઞિકના ભાઈ મોહિત જોષીની મુદામાલ સાથે અટક કરી જૂનાગઢ લાવવામાં આવ્યા હતા. આ બન્નેની સાથે સેલ્સમેન ધનરાજ પણ લૂંટના બનાવમાં સામેલ હોય તેને પણ ધરપકડ કરી હતી અને ગઈકાલે ૧૨ દિવસના રીમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા ૬ દિવસના રીમાન્ડ મંજુર થયા હતા. આ બનાવમાં અન્ય કોઈની સંડોવણી છે કે, નહીં તે અંગે પોલીસે જીણવટભરી તપાસ હાથ ધરી છે.

આરોપીઓએ રૂપિયા ૯૪ લાખનાં ૨૨ કેરેટ સોનાના ૧૪૦૦ ગ્રામના ઘરેણા, ૧૮ કેરેટ સોનાના ૨૫૦ ગ્રામનાં રૂપિયા ૧૪ લાખના દાગીના, રૂપિયા ૨.૬૬ લાખની ૪૭ ગ્રામ સોનાની રણી, રૂપિયા ૨.૫૦ લાખની કિંમતના ૫ કિલો ચાંદીના દાગીના અને રૂપિયા ૨.૬૬ લાખની રોકડ સહિત કુલ રૂપિયા ૧,૧૫,૮૨,૦૦૦નાં મુદ્દામાલની લૂંટ થઈ હોવાની સ્ટોરી આરોપીઓએ ઊભી કરી હતી પરંતુ આરોપીઓ પાસેથી પોલીસે રૂપિયા ૧,૮૦,૫૩, ૮૧૦નાં સોનાનાં ઘરેણાં, ચાંદી તથા રૂપિયા ૫,૦૪,૮૦૦ની રોકડ, જીજે ૦૧ ડબલ્યુજી ૯૮૯૩ નંબરની રૂપિયા ૪.૫૦ લાખની કિંમતની કાર સહિત કુલ રૂપિયા ૧,૯૦,૦૮,૬૧૯નો મુદ્દામાલ આરોપીઓ પાસેથી કબજે લીધો હતો.

# માંગરોળના આરેણા નજીક બાઈક ડીવાઈડર સાથે અથડાતા ચાલકનું સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

માંગરોળના આરેણા ગામ નજીક બાઈક ડીવાઈડર સાથે અથડાતા બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું માંગરોળ મરીન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ મરીન થાણે અવતાસીંગ મંગલસીંગ સીકલકરે જાહેર કરેલ કે પોતાના પિતા મંગલસીંગ માયસીંગ સીકલકર બાઈક લઈ જતા રહયા હતા દરમ્યાન બાઈક ડીવાઈડર સાથે અથડાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# માંગરોળના મેણેજ ગામે વાડીના રસ્તાના મનદુ:ખે હુમલો કરી ધમકી આપ્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

માંગરોળ તાલુકાના મેણેજ ગામે આવેલ રાતળા સીમ વિસ્તારમાં વાડીના રસ્તા બાબતનુ મનદુ:ખ રાખી ગાળાગાળી કરી હુમલો કરી ધમકી આપ્યાની ફરીયાદ માંગરોળ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે વિરમભાઈ પરબતભાઈ નંદાણીયાએ લોએજના ગોવીંદભાઈ રામ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ અગાઉનું વાડીના રસ્તાનું મનદુ:ખ રાખી ફરીયાદી તથા સાહેદો પોતાના ઘરે જતા હતા ત્યારે આરોપીએ રસ્તામાં રોકી ગાળાગાળી કરી, લાકડાના ધોકા વડે મારમારી તેમજ સાહેદને ધકકો મારી પછાડી દઈ અને હવે પછી આ રસ્તા પરથી ફરી નીકળ્યા તો જીવતા નહી રહેવા દઉ તેમ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લામાં વધુ ૯ સ્થળોએ જુગાર દરોડા : ૫૪ જુગારીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ જીલ્લા પોલીસ દ્વારા જુગારની બદી સામે સતત આકરી કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે વધુ ૯ સ્થળોએ દરોડાઓ પાડી જુગારના અખાડા સહિત ૫૪ જેટલા જુગારીઓને ઝડપી લઈ વિવિધ પોલીસ મથકોએ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસે દેવગઢ ગામેથી સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા રફીક ઈબ્રાહીમ હાલા, યુસુફ તૈયબ જુણેજા, યાકુબ આમદ જુણેજા, બસીર મોતીભાઈ વિશળને ૫૮૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે વંથલી પોલીસે શાપુર ગામેથી ગીજુભાઈ ઉર્ફે કાળુભાઈ રામાભાઈ પરમાર, મહેન્દ્રભા ડાયાભાઈ ઢાકેચા, જગદીશ રામભાઈ વાળા, વિજય રામભાઈ ઢાકેચા, ગૌરીબેન કમલેશભાઈ વાળા અને શારદાબેન જગદીશભાઈ વાળાને ૧૫૦૬૦ના મુદ્દામાલ સાથે જાહેરમાં જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ વંથલી પોલીસે ઘંટીયા ગામે ચાલતા જુગારના અખાડા પર દરોડો પાડી સંચાલક સાવન કિશોરભાઈ ગોઠી સહિત જુગાર રમતા મહેન્દ્રભાઈ વલ્લભભાઈ બોચરા, નયન બાબુભાઈ ઘોડાસરા, નિકુંજ પ્રેમજીભાઈ બોચરા, વિજય પ્રેમજીભાઈ કાલરીયા, સુભાષ પ્રેમજીભાઈ કાલરીયા, ડીલેશ અમૃતલાલ બોચરા, બ્રીજેશ વિનોદભાઈ ભુત, જેન્તીભાઈ મુળજીભાઈ ગોઢાસરાને ૭૯૧૫૦ રોકડ સહિત ૧૦ મોબાઈલ મળી કુલ ૧,૨૯,૧૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે. શીલ પોલીસે ફરંગટા ગામેથી યોગેશ ભનુભાઈ માલમ અને નીલશે નાનજી ગોરડને જુગાર રમતા ૬૫૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે શીલ ગામેથી ચુડાસમા શેરીમાં જુગાર રમતા મીલન દાનાભાઈ કામરીયા, વિમલ પોલાભાઈ ડાકી અને હરસુખ છગનભાઈ વાળાને ૯૫૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. અને ચંદવાણા ગામે રહેતા કનકસિંહ સામતભાઈ યાદવ પોતાના રહેણાંક મકાને જુગારનો અખાડો ચલાવતા હોવાની બાતમીના આધારે શીલ પોલીસે દરોડો પાડતા મકાન માલીક સહિત જુગાર રમતા મહેશ ઉર્ફે બાબુ મેરખભાઈ યાદવ, મસરી ઉર્ફે ગટુર ભીખાભાઈ પરમાર, પ્રકાશગીરી રમેશગીરી મેઘનાથી, વિજયગીરી શિવગીરી મેઘનાથી, મહેન્દ્રગીરી કરશનગીરી મેઘનાથી, હસમુખ જેસુખ કરગઠીયા અને માનસિંહ ઉર્ફે મુનો દેવાભાઈ ખેરને રૂા.૭૫૯૪૦ રોકડ, નાલના ૯૫૦૦ સહિત ૮૪૯૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ ચોરવાડ પોલીસે સંગીતાઈ ચોકમાં જાહેરમાં જુગાર રમતા રમેશ લાખાભાઈ ડાભી, રાજેશ દેવાભાઈ મેર, સંજય ઉર્ફે ફુગો નરશીભાઈ વાઢેર, દેવસી નાજાભાઈ માવદીયા, ચીના ડાયાભાઈ ચુડાસમા, સુનીલ ઉર્ફે બાંગળો પુનાભાઈ મેર, અશ્વીન ભીખાભાઈ ચુડાસમા, વિશાલ બચુભાઈ ચુડાસમા, મનીષ બાબુભાઈ ડાભીને ૫૦૭૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે પરેશ ઉર્ફે પુનો કનુભાઈ વાઢેર અને રામજી ઉર્ફે બેરીયો કારાભાઈ વાઢેર નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ચોરવાડ પોલીસે જડકા ગામેથી આરીફ સરીફભાઈ લાખા, સુમાર જુસબભાઈ લાખા, દાઉદ ઈબ્રાહીમભાઈ લાખા, યુસુફ કેસરભાઈ લાખાને ૪૯૦૦ના મુદ્દામાલ સાથે જાહેરમાં જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે જયારે માળીયા હાટીના પોલીસે અકાળના પાટીયા પાસેથી હરસુખ જેરામભાઈ પાથર, આશીષ વલ્લભભાઈ માલવીયા, કાળુ સામતભાઈ કોદાવલા, ભીખુ બાબુભાઈ કોદાવલા, મગનલાલ નાથાભાઈ કોદાવલા, રણજીત નાથાભાઈ કાગડા, મસુર ઉર્ફે મહીપત વકમાતભાઈ કાગડા, દેવદાન સોમતભાઈ સોલાને જાહેરમાં જુગાર રમતા ૧૦૩૬૦ મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢના ઝાંઝરડા રોડ પર મહિલાના મોબાઈલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ આવેલ સિધ્ધનાથ મહાદેવ મંદિર નજીકથી મહિલાના મોબાઈલની ચોરી થયાની ફરીયાદ બી ડીવીઝન પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ બી ડીવીઝન પોલીસ મથકે મનીષાબેન ઉર્ફે હીરલબેન કેયુરભાઈ ધનેશાએ અજાણ્યા ચોર શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૭-૯-૨૦૨૪ના રોજ મોડી સાંજના સમયે સિધ્ધનાથ મહાદેવ મંદિર નજીકથી કોઈ અજાણ્યો ચોર શખ્સ પોતાનો ઓપો કંપનીનો એફ-૨૩ મોડલનો ગોલ્ડન કલર મોબાઈલ ફોન કિ.રૂા.૧૦ હજારની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્કર સાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત) મો.૯૯૦૪૦ ૩૪૨૦૮